" રવિવારની સાપ્તાહિક પૂર્તિ "

રસધાર

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26


Year -09 | Issue- 276 | AD - 2026, Jeth Vad -13 | Sunday, Dt. 12-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ઓકલેન્ડમાં પીએમ મોદી અને ક્રિસ્ટોફર લક્સન વચ્ચે મહત્વની ચર્ચા

# ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ઐતિહાસિક કરાર

ઓકલેન્ડ,તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ન્યૂઝીલેન્ડની ઐતિહાસિક મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને એક નવી ઊંચાઈ પર લઈ જવા માટે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. લગભગ ચાર દાયકા પછી કોઈ ભારતીય વડાપ્રધાન ન્યૂઝીલેન્ડની મુલાકાતે ગયા છે, જેના કારણે આ પ્રવાસ બંને દેશોના વ્યૂહાત્મક અને આર્થિક સંબંધોમાં એક નવા યુગની શરૂઆત સમાન છે. ઓકલેન્ડમાં યોજાયેલી પ્રતિનિધિમંડળ સ્તરની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સન વચ્ચે ઉષ્માભરી અને ફળદાયી ચર્ચા થઈ હતી. આ બેઠક દરમિયાન સંરક્ષણ, વેપાર, દરિયાઈ સુરક્ષા, આતંકવાદ વિરોધી સહયોગ, કૃષિ, શિક્ષણ, પર્યટન, રમતગમત અને વિજ્ઞાન સહિત વિવિધ ક્ષેત્રોમાં કુલ ૧૮ મુખ્ય કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આ કરારોની સાથે જ બંને દેશોએ પોતાના પરસ્પર સંબંધોને 'વ્યૂહાત્મક ભાગીદારી'નો સર્વોચ્ચ દરજ્જો આપવાની જાહેરાત કરી છે.આ પ્રવાસની સૌથી મોટી ઉપલબ્ધિ બંને દેશો વચ્ચે થયેલો મુક્ત વેપાર કરાર છે. આ વર્ષે એપ્રિલમાં થયેલા આ કરારને રેકોર્ડ સમયમાં પૂર્ણ કરવા બદલ પીએમ મોદીએ ન્યૂઝીલેન્ડના નેતૃત્વની પ્રશંસા કરી હતી. આ કરાર હેઠળ વર્ષ ૨૦૩૦ સુધીમાં પરસ્પર દ્વિપક્ષીય વેપારને બમણો કરીને ૭ અબજ ન્યૂઝીલેન્ડ ડોલર એટલે કે આશરે



૩૫,૦૦૦ કરોડ રૂપિયા સુધી પહોંચાડવાનું મહત્વકાંક્ષી લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે, જે બંને દેશોના બજારોમાં વેપારીઓની પહોંચને વધુ સરળ અને મજબૂત બનાવશે.સંરક્ષણ અને દરિયાઈ સુરક્ષાના ક્ષેત્રમાં પણ બંને દેશોએ મહત્વના પગલાં ભર્યા છે. ભારતીય સંરક્ષણ મંત્રાલય અને ન્યૂઝીલેન્ડ સંરક્ષણ દળ વચ્ચે થયેલા વિશેષ કરારથી ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં સંવાદ, સંકલન અને ગુપ્ત માહિતીના આદાનપ્રદાનને વેગ મળશે. આ ઉપરાંત હાઈડ્રોગ્રાફી અને નોટિકલ નકશા તૈયાર કરવા માટે સંયુક્ત પ્રવૃત્તિઓ હાથ ધરાશે, જેનાથી નેવિગેશનલ ચાર્ટ અને દરિયાઈ ડેટા સરળતાથી શેર કરી શકાશે. બંને દેશોની સેનાઓ વચ્ચે પરસ્પર લોજિસ્ટિક્સ સહકાર વ્યવસ્થા સ્થાપિત કરવામાં આવી છે, જે કટોકટીના સમયે એકબીજાને સહાય પૂરી પાડશે. આતંકવાદ સામે લડવા માટે એક સંયુક્ત કાર્યકારી જૂથની રચના પણ કરવામાં આવી છે જે બંને દેશો માટે સુરક્ષા કવચ બનશે.આપત્તિ વ્યવસ્થાપન અને કૃષિ ક્ષેત્રે પણ સહયોગની નવી દિશાઓ ખૂલી છે. ભારતની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને ન્યૂઝીલેન્ડની એજન્સી વચ્ચે ભૂકંપ અને સુનામી જેવી કુદરતી આપત્તિઓ સામે નીતિ વિષયક આદાનપ્રદાન માટે કરાર થયો છે. કૃષિ ક્ષેત્રમાં પશુપાલન અને ડેરી ઉદ્યોગમાં ટેકનિકલ સહયોગ વધારવામાં આવશે તેમજ ખાસ કિવિફ્રૂટ એક્શન પ્લાન શરૂ કરાશે. આ યોજના અંતર્ગત ભારતના નાગાલેન્ડ અને ઉત્તરાખંડમાં બે શ્રેષ્ઠતા કેન્દ્રો સ્થાપવામાં આવશે, જે કૃષિ ક્ષેત્રે નવીનતા લાવશે. અંતમાં, પર્યટન, રમતગમત વિજ્ઞાન, રમતવીરોના વિકાસ અને સાંસ્કૃતિક આદાનપ્રદાન સંબંધિત કરારો બંને દેશોના નાગરિકો વચ્ચેના પરસ્પર સંબંધોને વધુ પ્રગાઢ અને મજબૂત બનાવશે જે ભવિષ્ય માટે અત્યંત ફાયદાકારક સાબિત થશે.

# ભારતના વિદેશી હૂંડિયામણ ભંડારમાં મોટો ઉછાળો આવ્યો

નવીદિલ્હી,તા.૧૧

ભારતનો વિદેશી હૂંડિયામણ ભંડાર ૭.૨૬ બિલિયન ડોલર વધીને ૬૭૪.૧૯ બિલિયન ડોલર થયો છે. અગાઉના સપ્તાહે તેમાં ૫.૬૫ બિલિયન ડોલરનો ઘટાડો થયો હતો. પશ્ચિમ એશિયાના તણાવ વચ્ચે રૂપિયાને ટેકો આપવા આરબીઆઈએ ડોલર વેચવા પડ્યા હતા. ડેટા અનુસાર, વિદેશી ચલણ સંપત્તિ ૪.૫૧ બિલિયન ડોલર વધીને ૫૪૫.૫૭૮ બિલિયન ડોલર થઈ છે, જ્યારે સોનાનો ભંડાર ૨.૬૭ બિલિયન ડોલર વધીને ૧૦૫.૨૦ બિલિયન ડોલર પર પહોંચ્યો છે. આ ઉપરાંત, સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ અને આઈએમએફ પાસેનો અનામત ભંડાર પણ વધ્યો છે. બીજી તરફ, સરકારે જણાવ્યું કે ઈથેનોલ મિશ્રણ કાર્યક્રમથી દેશને ૨૦૧૪-૧૫ થી અત્યાર સુધીમાં ૧.૯૦ લાખ કરોડ રૂપિયાથી વધુના વિદેશી હૂંડિયામણની મોટી બચત થઈ છે અને ક્રૂડ ઓઈલની આયાત ઘટી છે.

# વિયેતનામના ફુ ક્વોક ટાપુ નજીક હોડી દુર્ઘટનામાં ૧૫ ભારતીય પ્રવાસીઓના મોતની આશંકા

નવીદિલ્હી,તા.૧૧

વિયેતનામના પ્રખ્યાત ફુ ક્વોક ટાપુ નજીક એક અત્યંત દુ:ખદ અકસ્માત સર્જાયો છે, જેમાં ભારતીય પ્રવાસીઓને લઈ જતી એક સ્પીડબોટ દરિયામાં પલટી ગઈ છે. સ્થાનિક મીડિયાના અહેવાલો અનુસાર, આ ભયાનક અકસ્માતમાં અંદાજે ૧૫ લોકોના મોત થયા હોવાની આશંકા સેવાઈ રહી છે. ઓશન પિયર આઈલેન્ડ કંપની દ્વારા સંચાલિત આ બોટ શનિવારે બપોરે સ્થાનિક સમય મુજબ એક વાગ્યે પ્રવાસીઓને હોન મે રુટથી એન થોઈ બંદર તરફ લઈ જઈ રહી હતી. ફુ ક્વોક એરપોર્ટથી આશરે ૨૫ કિલોમીટર દૂર આવેલા દરિયામાં અચાનક બોટ પલટી જતાં તેમાં સવાર તમામ મુસાફરો ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. અકસ્માત સમયે દરિયો તોફાની હતો, જેના કારણે બોટમાં ફસાયેલા લોકોને બહાર કાઢવામાં ભારે મુશ્કેલી પડી હતી.

## શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. બગસરા.

વર્ષ : ૨૦૨૫/૨૦૨૬

### વાર્ષિક સાધારણ સભાની નોટીસ

શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી.ના સર્વે સભાસદને આથી જણાવવાનું કે આપણી મંડળીની ૪૨મી વાર્ષિક સાધારણ સભા તા.૨૬/૦૭/૨૦૨૬ને રવિવાર ના રોજ નિચેના સ્થળે અને સમયે દર્શાવેલી કાર્યસૂચિના નિકાલ માટે મળશે. તો દરેક સભાસદશ્રીએ સમયસર હાજરી આપવા વિનંતી

આપણી મંડળીના પેટાનિયમ આધિન ગુજરાત રાજયના ૨૯ જીલ્લાઓનું કાર્યક્ષેત્ર મંજુર થયા મુજબ મું.પાળિયાદ (તા. બોટાદ) મુકામે મંડળીની યોજાનાર ૪૨ મી વાર્ષિક સાધારણ સભામાં રાજકોટના સાંસદશ્રી પરશોતમભાઈ રૂપાલા, ઈફકોના ચેરમેનશ્રી દિલીપભાઈ સંઘાણી, ગુજરાત રાજયના ઉર્જા-કાયદો અને પેટ્રોકેમીકલ મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરીયા તથા આશિર્વચન પાઠવવા પરમ પૂ. ૧૦૦૮ મહા મંડલેશ્વર મંહતશ્રી નિર્મળાબા વિહળ ધામ પાળિયાદ ખાસ ઉપસ્થિત રહેશે તેની જાણ સહ...

**તારીખ : ૨૬/૦૭/૨૦૨૬, રવિવાર** **સમય : સવારે ૧૦:૩૦ કલાકે**
**સ્થળ :- પરમ પૂજય શ્રી વિસામણ બાપુની જગ્યા**
**"વિહળ ધામ" મુ. પાળિયાદ તા.જી.બોટાદ**

**:: કાર્યસૂચિ ::**

૧. ગત તા. ૩૧/૦૮/૨૦૨૫ ના રોજ મળેલ ૪૧ મી વાર્ષિક સાધારણ સભાનું રોજકામ વંચાણે લઈ બહાલ રાખવા બાબત.
૨. વર્ષ ૨૦૨૫/૨૬ દરમ્યાન વ્યવસ્થાપક કમીટીએ કરેલ કામગીરીને બહાલ રાખવા બાબત.
૩. તા. ૩૧/૦૩/૨૦૨૬ના રોજ પુરા થતા વર્ષ અંતેના નફા-નુકસાન ખાતા તથા સરવૈયાના હિસાબો મંજુર કરી બહાલ રાખવા બાબત.
૪. બોર્ડ ઓફ ડિરેક્ટરર્સે સુચવેલ વર્ષ ૨૦૨૫/૨૬ના અંતેના નફાની ફાળવણીને બહાલ રાખવા બાબત.
૫. મંડળીની શાખા ઓફીસ ઉપયોગ માટે સ્થાવર મિલ્કત ખરીદ કરવા મૂડી રોકાણ કરવા અંગે મંજુરી મેળવવા બાબતે.
૬. મંડળીના હિસાબી વર્ષ ૨૦૨૫/૨૬ દરમ્યાન ધિરાણ મુદતવિતી બાકીદાર સામે ક. ૭૩–૭૭ મુજબ કાર્યવાહી બાબતે.
૭. શ્રી જિલ્લા રજીસ્ટ્રાર સાહેબ સહ. મંડળીઓ (ગુજરાત રાજય) અમરેલીને તા. ૭/૦૩/૨૦૨૬ ના રોજ અનુસૂચિ-બી નિયમ ૩૧ ના પેટાનિયમ ૧૫ સ્ટેટ લેવલ કો. ઓપરેટીવ સોસાયટી માટે શૈક્ષણિક નિધીની રકમ જીલ્લા સંધને ફાળવવા બાબતે લખેલ છે જે અંગેનું પ્રકરણ જોઈ તપાસી તે મુજબ કાર્યવાહી કરવા બાબતે.
૮. અધ્યક્ષ સ્થાનેથી અગર પૂર્વ મંજુરીથી રજૂ થાય તે અંગે નિર્ણય કરવા બાબત.

તા.૧૧-૦૭-૨૦૨૬
બગસરા

**-ઃ નોંધ ઃ-**

(૧) મંડળીના સભાસદશ્રીઓને જાણ કરવામાં આવે છે કે વાર્ષિક અહેવાલ જોવા અને વાંચવાની જરૂરીયાત હોય અથવા અહેવાલ જોઈતો હોય તો પોતાની શાખાએ રૂબરૂ જઈ મેળવી લેવા વિનંતી.
(૨) સાધારણ સભા ઉપર દર્શાવેલ સમય મુજબ સમયસર શરૂ થશે.
(૩) મંડળીને લગતી માહીતી કે અન્ય કોઈ બાબતની જાણકારી અંગે મળતી સાધારણ સભાના દિવસથી ૬ દિવસ અગાઉ જન.સેક્રેટરી સમક્ષ લેખીતમાં રજુઆત કરવાની રહેશે.
(૪) સભાસદો અને આમંત્રીતો સિવાય કોઈને સભામાં હાજર રહેવા દેવામાં આવશે નહિ.
(૫) સ્વરૂચિ ભોજન સાથે લઈશું.

| ડી. જી. મહેતા | નિતેષ ડોડીઆ | રશ્વિનભાઈ પી. ડોડીઆ |
|---|---|---|
| જનરલ સેક્રેટરી | જનરલ એમ.ડી. | ચેરમેન |

**શ્રી બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. બગસરા**

# ફોર્ચ્યુન ઈન્ડિયાની 'મોસ્ટ પાવરફુલ વિમેન ૨૦૨૬' યાદી જાહેર, દેશની ૧૦૦ પ્રભાવશાળી મહિલાઓનું સન્માન






ફોર્ચ્યુન ઈન્ડિયા દ્વારા શુક્રવારે ફોર સીઝન્સ હોટેલ, મુંબઈ ખાતે તેના મુખ્ય આયોજન 'મોસ્ટ પાવરફુલ વિમેન (એમપીડબ્લ્યૂ) ૨૦૨૬ની યજમાની કરવામાં આવી હતી, જેમાં બિઝનેસ, ફાઈનાન્સ, ટેકનોલોજી, હેલ્થકેર, પબ્લિક પોલિસી અને ઉદ્યોગસાહસિકતા ક્ષેત્રના ભારતના અગ્રણી મહિલા નેતાઓ એકત્ર થયા હતા.

આ કાર્યક્રમમાં 'ફોર્ચ્યુન ઈન્ડિયા મોસ્ટ પાવરફુલ વિમેન ૨૦૨૬'ની યાદી જાહેર કરવામાં આવી હતી, જેમાં એવી ૧૦૦ મહિલાઓનું સન્માન કરવામાં આવ્યું છે જેમનું નેતૃત્વ દેશના આર્થિક અને વ્યાપારી ક્ષેત્રને નવો આકાર આપી રહ્યું છે.

આ સાંજ નેતૃત્વના ભવિષ્ય, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, આર્થિક સશક્તીકરણ, ઉદ્યોગસાહસિકતા, સમાવેશીતા અને રાષ્ટ્રનિર્માણ પર શ્રેણીબદ્ધ પ્રભાવશાળી ચર્ચાઓની સાક્ષી બની હતી.

આ કાર્યક્રમની મુખ્ય ક્ષણોમાં, રિલાયન્સ ફાઉન્ડેશનના ચેરપર્સન અને આ વર્ષની મોસ્ટ પાવરફુલ વિમેનની યાદીમાં પ્રથમ ક્રમે રહેલા નીતા અંબાણીએ કરુણા, સમાવેશીતા અને તકો પર આધારિત નેતૃત્વની વધુ વ્યાપક વ્યાખ્યા આપવાનું આહ્વાન કર્યું હતું અને ભારપૂર્વક જણાવ્યું હતું કે દીકરીઓમાં રોકાણ કરવું એ ભારતના ભવિષ્ય માટે પાયાની જરૂરિયાત છે.

વિવિધ સત્રો દરમિયાન બિઝનેસ લીડર્સે એ બાબત પર ભાર મૂક્યો હતો કે, ભલે એઆઈ, ભૌગોલિક-રાજકીય ઉથલપાથલ અને ઝડપી તકનીકી પરિવર્તનો ઉદ્યોગોને બદલી રહ્યા છે, તેમ છતાં કાયમી નેતૃત્વનો આધાર હંમેશા જિજ્ઞાસા, સ્થિતિસ્થાપકતા, ગ્રાહક કેન્દ્રીત અભિગમ અને માનવીય નિર્ણય ક્ષમતા પર જ રહેશે.

નાણાકીય સમાવેશીતા પરની ચર્ચાઓમાં એ વાત રેખાંકિત કરવામાં આવી હતી કે મહિલા સશક્તીકરણનો આગામી તબક્કો માત્ર નાણાકીય સેવાઓ મેળવવા સુધી સીમિત નથી, પરંતુ સક્રિય સંપત્તિ સર્જન અને નાણાકીય નિર્ણયો લેવામાં રહેલો છે.

આ કાર્યક્રમમાં સર્વસમાવેશી કાર્યસ્થળોનું નિર્માણ કરવા, લાંબા સમય સુધી ટકી રહે તેવી કન્ઝ્યુમર બ્રાન્ડ્સ બનાવવા તેમજ વિકસિત ભારતના વિઝનને સાકાર કરવામાં પોષણ અને આરોગ્ય સંભાળની ભૂમિકા પર પ્રભાવશાળી ચર્ચાઓ કરવામાં આવી હતી.

નેતૃત્વ માટે ભારતના સૌથી પ્રભાવશાળી મંચોમાંના એક તરીકે સતત વિકસી રહેલા 'મોસ્ટ પાવરફુલ વિમેન' પ્લેટફોર્મના આ ૨૦૨૬ના સંસ્કરણે વ્યાપાર અને સમાજમાં સાર્થક પ્રભાવ ઊભો કરનારી મહિલાઓનું સન્માન કરવા પ્રત્યેની ફોર્ચ્યુન ઈન્ડિયાની પ્રતિબદ્ધતાને ફરી એકવાર મજબૂત કરી છે.

**મુંબઈમાં યોજાયેલા ભવ્ય સમારોહમાં નીતા અંબાણીએ સમાવેશી નેતૃત્વ અને મહિલા સશક્તીકરણ પર ભાર મૂક્યો; એઆઈ, આર્થિક વિકાસ, ઉદ્યોગસાહસિકતા અને વિકસિત ભારતના વિઝન પર થઈ મહત્વપૂર્ણ ચર્ચાઓ**

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા.૧૨-૦૭-૨૦૨૬

**સિંહ દર્શન દરમિયાન થયેલી ઘટનામાં વન વિભાગની કડક કાર્યવાહી, આરોપીઓનું રિકન્ટ્રકશન કરાયું**

# અંટાળીયામાં સિંહને પરેશાન કરનારા મૃતક સહિત ત્રણ સામે ગૂનો દાખલ

અમરેલી,તા.૧૧

અમરેલી જિલ્લાના લીલીયા રેન્જ હેઠળ આવેલા અંટાળિયા વિસ્તારમાં સિંહને પરેશાન કરવા અને નજીકથી જોવા જવાની ગેરકાયદેસર હરકત એક વ્યક્તિ માટે જીવલેણ સાબિત થઈ હતી. બે દિવસ અગાઉ સિંહના સંવનન દરમિયાન કેટલાક લોકો તેની નજીક પહોંચ્યા હતા અને વન્યજીવને ખલેલ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન સિંહે હુમલો કરતા એક વ્યક્તિનું મોત નીપજ્યું હતું. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વન વિભાગે તાત્કાલિક તપાસ શરૂ કરી હતી અને હવે આ મામલે બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે ઘટનામાં કુલ ત્રણ વ્યક્તિઓ સામેલ હતા. મૃતક સહિત તેના બે સાથીદારો સિંહને જોવા અને તેની નજીક પહોંચવાના પ્રયાસમાં હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે તેઓએ સિંહને પરેશાન કર્યો હતો, જેના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી અને પુરાવા એકત્ર



કરવાની કામગીરી હાથ ધરી હતી. તપાસ દરમિયાન વધુ એક ચોંકાવનારી હકીકત સામે આવી છે. પકડાયેલા બંને આરોપીઓએ ઘટનાના પુરાવા નાશ કરવા માટે પોતાના મોબાઈલમાં રહેલો મહત્વનો ડેટા કાઢી નાખ્યો હોવાનું ખુલ્યું છે. વન વિભાગને શંકા છે કે આ સમગ્ર ઘટનામાં અન્ય લોકો પણ સંડોવાયેલા હોઈ શકે છે. તેથી કાઢી નાખવામાં આવેલ માહિતી ફરી મેળવવા માટે બંનેના મોબાઈલ વૈજ્ઞાનિક તપાસ માટે મોકલવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. બન્ને આરોપીઓને વન વિભાગ દ્વારા ઘટના સ્થળે લઈ જઈ પંચનામુ કરી રિકન્ટ્રકશન કરાયું હતું

**'ભગત' નામના સિંહને આજીવન કેદની સજા**

લીલીયાના અંટાળીયા નજીક સિંહનું નામ ભગત છે. પરંતુ અત્યાર સુધીમાં બે યુવકને ફાડી ખાધા છે. વન વિભાગે અત્યારે સાવજને બેભાન કરી પકડી લીધો હતો. હવે આ સાવજ આજીવન કેદમાં રહેશે.ભગત નામના સિંહે અગાઉ પણ લીલીયાના લુવારીયામાં એક યુવકને ફાડી ખાધો હતો. ત્યારબાદ ફરી ગેરકાયદેસર સિંહ દર્શન માટે ગયેલા અમરેલીના યુવકને ફાડી ખાધો હતો.

# જાફરાબાદમાં બ્રહ્મ સમાજ અંગે વાંધાજનક પોસ્ટથી રોષ, પોલીસને આવેદન પાઠવાયું

અમરેલી,તા.૧૧

જાફરાબાદના એક સોશિયલ મીડિયા ગ્રુપમાં બ્રહ્મ સમાજ અંગે વાંધાજનક અને લાગણી દુભાય તેવી પોસ્ટ વાયરલ થતા સમાજમાં ભારે રોષની લાગણી ફેલાઈ છે. ઘટનાને ગંભીરતાથી લઈ બ્રહ્મ સમાજના યુવાનો, આગેવાનો અને સમાજના સભ્યો મોટી સંખ્યામાં જાફરાબાદ



પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા અને આવેદનપત્ર આપી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી. સમાજના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે સોશિયલ મીડિયામાં કોઈપણ સમાજની લાગણીને ઠેસ પહોંચાડતી પોસ્ટથી અશાંતિ અને વૈમનસ્ય ફેલાવાનો ભય રહે છે. બ્રહ્મ સમાજના આગેવાનોએ પોલીસ તંત્રને નિષ્પક્ષ તપાસ કરી દોષિતોને સજા કરવા તેમજ ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા અસરકારક પગલાં ભરવાની માંગ કરી છે. સમાજે શાંતિ અને સૌહાર્દ જાળવવા અપીલ પણ કરી છે.

# ધારીના ફતેગઢ ગામે રેઢિયાર બળદ પર સિંહે હુમલો કરતા ફફડાટ

અમરેલી,તા.૧૧

ધારી તાલુકાના ફતેગઢ ગામના સીમ વિસ્તારમાં શુક્રવારે વહેલી સવારે સિંહોની અવરજવર ફરી એકવાર જોવા મળી હતી. સાત સિંહોના ટોળાએ ખુલ્લામાં રહેલા એક રેઢિયાર બળદ પર હુમલો કરી તેનો શિકાર કરતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં ગામલોકો મોટી સંખ્યામાં સ્થળ પર દોડી આવ્યા હતા. સ્થાનિકોના જણાવ્યા



મુજબ શિકાર કર્યા બાદ સિંહો લાંબા સમય સુધી મારણ પાસે જ બેઠા રહ્યા હતા, જેના કારણે લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. માહિતી મળતા વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. વન અધિકારીઓએ સ્થળનું નિરીક્ષણ કરી પંચનામું તૈયાર કર્યું હતું અને જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. વન વિભાગે સમગ્ર વિસ્તાર પર નજર રાખવાની કામગીરી શરૂ કરી છે. સિંહોની વધતી અવરજવરને પગલે પશુપાલકોમાં ચિંતા વ્યાપી છે.

# સાવરકુંડલા તાલુકાના વીરડી ગામે આખલાએ યુવકને ઉલાળતા ગંભીર ઈજા

અમરેલી,તા.૧૧

સાવરકુંડલા તાલુકાના વીરડી ગામમાં આખલાઓના યુધ્ધની ઘટના સામે આવી છે. ગામની મુખ્ય બજારમાં બે આખલાઓ વચ્ચે અચાનક જોરદાર લડાઈ શરૂ થઈ હતી. શરૂઆતમાં લોકો દૂર રહીને આ દ્રશ્ય જોઈ રહ્યા હતા, પરંતુ લડતા આખલાઓ અચાનક જ લોકોની ભીડ તરફ દોડી આવ્યા હતા. જેમાં બાઈકચાલક



બાઈક મુકીને નાસવા જતા એક આખલાએ બાઈકચાલકને શિંગડે ભરાવી ઉલાળ્યો હતો જેથી યુવાનને ગંભીર ઈજા પહોંચી હતી. શહેર બાદ હવે ગ્રામ્ય પંથકોમાં આખલાઓનો ત્રાસ વધતા લોકોમાં ભયનો માહોલ છવાયો છે.

# પાડરશીંગા ગામે અષાઢી બીજ મહોત્સવ ઉજવાશે

દામનગર,તા.૧૧

લાઠી તાલુકાના દામનગર નજીક પાડરશીંગાની પવિત્ર ભૂમિ પર શ્રી નકળંગધામ આશ્રમ આવેલો છે. આ આશ્રમમાં છેલ્લા પચાસ વર્ષથી અખંડ જ્યોત પ્રજ્વલિત છે, જ્યાં અવારનવાર પૂજ્ય સંતો-મહંતો પધારે છે. આગામી તારીખ ૧૬-૦૭-૨૦૨૬ ને ગુરુવારના રોજ અહીં અષાઢી બીજ મહોત્સવ ભક્તિભાવપૂર્વક ઉજવાશે. આ ધાર્મિક ઉત્સવમાં સવારના ૮ થી રાત્રીના ૧૨ વાગ્યા સુધી ભક્તો માટે અખંડ જ્યોતના દર્શન ખુલ્લા રહેશે. ત્યારબાદ સાંજે ભવ્ય મહાપ્રસાદ અને રાત્રે લોકપ્રિય સંતવાણીનું સુંદર આયોજન કરાયું છે. આશ્રમના મહંત બાલકદાસ બાપુ ગુરૂ પ્રેમસાહેબ બાપાએ તમામ ધર્મપ્રેમી જનતાને આ પાવન મહોત્સવનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

# દામનગરમાં જર્જરીત વીજ પોલ હટાવવાની શહેરીજનોની માંગ

દામનગર,તા.૧૧

દામનગર શહેરની જૂની શાક માર્કેટ પાછળ આવેલો આશરે પાંત્રીસ વર્ષ જૂનો સિમેન્ટનો વીજ થાંભલો અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયો છે. આ વીજ પોલના નીચેના ભાગેથી સિમેન્ટ ઉખડી જતાં અંદરના લોખંડના સળિયા પણ ખુલ્લા દેખાઈ રહ્યા છે. રસ્તાની બિલકુલ વચ્ચે આવેલો આ



થાંભલો ગમે ત્યારે ધરાશાયી થઈ શકે છે, જેના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકો પર મોટું જોખમ તોળાઈ રહ્યું છે. અગાઉ આ ગંભીર બાબતે અખબારોમાં અહેવાલ પ્રસિધ્ધ થવા છતાં અને પીજીવીસીએલ તંત્ર સાથે ટેલિફોનિક વાતચીત કરવા છતાં હજુ સુધી કોઈ નક્કર પગલાં લેવાયા નથી. કોઈ મોટી હોનારત કે અકસ્માત સર્જાય તે પહેલાં તંત્ર તાકીદે આ વીજ પોલને અન્ય સલામત જગ્યાએ ખસેડી નવો થાંભલો ઊભો કરે તેવી લોકમાંગ પ્રબળ બની છે.

# ગાંધીનગર યોજાયેલા પ્રદર્શનમાં અમરેલી જિલ્લાના શિક્ષકો જોડાયા

બગસરા,તા.૧૧

ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના નેજા હેઠળ પ્રાથમિક શિક્ષકો દ્વારા ટેટ પરીક્ષામાંથી મુક્તિની માંગ સાથે વિશાળ વિરોધ પ્રદર્શન યોજાયું હતું. લાંબા સમયથી ચાલી રહેલી આ માંગણીને લઈને રાજ્યના વિવિધ જિલ્લાઓ અને તાલુકાઓમાંથી મોટી સંખ્યામાં શિક્ષકો ગાંધીનગર પહોંચ્યા હતા. શિક્ષકોએ સરકાર સમક્ષ પોતાની માંગ ઉઠાવી અને



તસવીર : હાર્દિક બામટા

વર્તમાન નિયમો સામે વિરોધ વ્યક્ત કર્યો હતો. આંદોલનમાં અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓમાંથી પણ શિક્ષકો મોટી સંખ્યામાં જોડાયા હતા. શિક્ષકોનું કહેવું હતું કે વર્ષોથી શિક્ષણ કાર્ય સાથે સંકળાયેલા અને અનુભવ ધરાવતા શિક્ષકોને ફરીથી ટેટ પરીક્ષા આપવાની ફરજ પાડવી યોગ્ય નથી. આ મુદ્દે સરકારે હકારાત્મક નિર્ણય લઈ શિક્ષકોને ટેટમાંથી મુક્તિ આપવી જોઈએ તેવી માંગ કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન શિક્ષકોએ એકતા દર્શાવી સરકાર સુધી પોતાની લાગણી અને માંગ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો.

# ચલાલામાં ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા વરસાદ પીડિતોને રાહત સહાય અપાશે

અમરેલી,તા.૧૧

ચલાલા સહિતના વિસ્તારમાં ભારે વરસાદના કારણે અનેક ઘરોમાં પાણી ઘૂસી જતાં અનાજ, કરિયાણું અને ઘરવખરીને મોટું નુકસાન થયું છે. આ મુશ્કેલ પરિસ્થિતિમાં ચલાલા સ્થિત ગાયત્રી સંસ્કાર ધામ દ્વારા અસરગ્રસ્ત પરિવારો માટે રાહત કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. રાહત કામગીરીના બીજા તબક્કા અંતર્ગત જરૂરિયાતમંદ પરિવારોને



રૂ.૧,૦૦૦થી વધુ કિંમતની રાશન કીટ, છત્રી તેમજ મહિલાઓ માટે સાડીઓ તૈયાર કરવામાં આવી છે. આ તમામ સહાય સામગ્રી અસરગ્રસ્ત પરિવારોના ઘરે-ઘરે પહોંચી વિતરણ કરવામાં આવશે. સમગ્ર સેવાકીય કામગીરીનું આયોજન અને સંચાલન ભારત સરકાર દ્વારા સન્માનિત મહેશભાઈ મહેતા અને શીતલબેન મહેતા દ્વારા કરવામાં આવી રહ્યું છે. ગાયત્રી સંસ્કાર ધામની આ માનવતાભરી સેવાકીય પ્રવૃત્તિને સ્થાનિક લોકો દ્વારા આવકાર મળ્યો છે.









ઉર્જામંત્રી કૌશિક વેકરીયા, સાંસદ ભરત સુતરીયા, ધારાસભ્ય મહેશ કસવાળા, દક્ષાબેન ચોડવડીયા, વસંતભાઈ મોવલીયા, મહંત લવજીબાપુ સહિતના અગ્રણીઓની હાજરીમાં

# નરેશભાઈ પટેલના જન્મદિવસે સાવરકુંડલામાં રક્તદાન કેમ્પ યોજાયો










સાવરકુંડલા,તા.૧૧

લેઉવા પટેલ સમાજ સંચાલિત ખોડલધામ કાગવડ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલના જન્મદિવસ નિમિત્તે સમગ્ર ગુજરાતમાં ૭૫થી વધુ સ્થળોએ રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેવાકીય અભિયાન અંતર્ગત સાવરકુંડલા ખાતે ખોડલધામ સમિતિ દ્વારા ભવ્ય રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજસેવા અને માનવતાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમને લોકોનો ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો હતો. શિબિરમાં સાવરકુંડલા શહેર ઉપરાંત આસપાસના અનેક ગામડાઓમાંથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પૂજ્ય લવજીબાપુ અને કૌશિકભાઈ વેકરીયાના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કરવામાં આવી હતી. ઉપસ્થિત મહાનુભાવોએ રક્તદાનના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું અને વધુમાં વધુ લોકો માનવસેવાના આ કાર્ય સાથે જોડાય તેવો સંદેશ આપ્યો હતો. રક્તદાન શિબિરમાં માત્ર લેઉવા પટેલ સમાજ જ નહીં પરંતુ વિવિધ સમાજના લોકોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. યુવાનો, મહિલાઓ અને વડીલોમાં પણ રક્તદાન પ્રત્યે વિશેષ જાગૃતિ જોવા મળી હતી. દિવસભર ચાલેલી શિબિરમાં કુલ ૨૨૫ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. આ નોંધપાત્ર સંખ્યાને કારણે સમગ્ર કાર્યક્રમને મોટી સફળતા મળી હતી. એકત્ર થયેલું રક્ત જરૂરિયાતમંદ દર્દીઓ માટે ઉપયોગી બનશે અને અનેક લોકોને જીવનદાન આપવામાં મદદરૂપ થશે.

આ પ્રસંગે લેઉવા પટેલ સમાજના સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ચૂંટાયેલા સભ્યોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના વિકાસ અને જનસેવામાં તેમની કામગીરીને બિરદાવવામાં આવી હતી. ઉપસ્થિત લોકોએ તેમને અભિનંદન પાઠવી શુભેચ્છાઓ આપી હતી. કાર્યક્રમમાં અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી વસંતભાઈ મોવલિયા, બાવકુભાઈ ઉંધાડ, રમેશભાઈ કાથરોટીયા, સુરેશભાઈ દેસાઈ, નગરપાલિકા પ્રમુખ નયનાબેન કાપડીયા,દયાળભાઈ સંઘાણી સહિત સમાજના અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી મનીષભાઈ માંગરોળીયા અને દેવચંદભાઈ કપોપરાએ કાર્યક્રમને સફળ બનાવવા માટે માર્ગદર્શન અને સહયોગ આપ્યો હતો. આયોજકોના સુચારૂ આયોજન અને સ્વયંસેવકોની કામગીરીના કારણે સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

**ખોડલધામ સમિતિના આયોજનમાં ૨૨૫ બોટલ રક્ત એકત્ર થયું, ચૂંટાયેલા પ્રતિનિધિઓનું સન્માન પણ કરાયું**

## ધારી આઈટીઆઈ ખાતે ૧૩ જુલાઈએ રોજગાર ભરતીમેળો

અમરેલી,તા.૧૧

ધારીના હીમખીમડી-તુલશીશ્યામ રોડ પર આવેલી આઈટીઆઈ ખાતે તા. ૧૩-૦૭-૨૦૨૬ના રોજ સવારે ૧૧ વાગ્યે સી.આઈ.ઈ ઓટોમોટિવ કંપની દ્વારા રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળામાં ધોરણ ૧૦ અને ૧૨ પાસ ઉમેદવારો ઉપરાંત ગ્રેજ્યુએટ તેમજ આઈટીઆઈના તમામ ટ્રેડ પાસઆઉટ તાલીમાર્થીઓ ભાગ લઈ શકશે. કંપની દ્વારા પસંદગી પામનાર ઉમેદવારોને રૂ. ૧૪,૪૦૦થી રૂ. ૧૬,૯૦૦ સુધીનો માસિક પગાર આપવામાં આવશે. રોજગારની શોધમાં રહેલા યુવાનો માટે આ ભરતીમેળો સારી તક બની રહેશે.

ઉમેદવારોએ ભરતીમેળામાં હાજર રહેતી વખતે આધારકાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાત સંબંધિત તમામ જરૂરી દસ્તાવેજો સાથે રાખવાના રહેશે. આ અંગેની માહિતી આઈટીઆઈ ધારી દ્વારા જાહેર કરવામાં આવી છે.

## અમરેલીની બંસીધર વિદ્યાલય ખાતે રંગપૂરણી સ્પર્ધાનું ભવ્ય આયોજન

અમરેલી,તા.૧૧




અમરેલીની શ્રી બંસીધર વિદ્યાલય ખાતે રંગોત્સવ સેલિબ્રેશન અંતર્ગત એક શાનદાર રંગપૂરણી હરીફાઈનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશિષ્ટ સ્પર્ધામાં શાળાના ધોરણ ૯ અને ધોરણ ૧૦ ના વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લઈને પોતાની કલાત્મક પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના ભાષા શિક્ષક બી. એન. મકવાણાએ ઈન્ચાર્જ તરીકે ભારે જહેમત ઉઠાવી હતી. સ્પર્ધાના અંતે શાળાના આચાર્ય પી. કે. વસરાએ ભાગ લેનાર તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોને તેમની સુંદર અભિવ્યક્તિ બદલ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. કલાને પ્રોત્સાહન આપવાના હેતુથી રંગપૂરણી હરીફાઈમાં ભાગ લેનાર તમામ ઉત્સાહી વિદ્યાર્થીઓને આગામી સમયમાં શાળા તરફથી પ્રમાણપત્ર તેમજ શિલ્ડ આપીને સન્માનિત કરવામાં આવશે.

## અમરેલી ITIમાં પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ

અમરેલી તા.૧૧

રોજગાર અને તાલીમ નિયામક કચેરી ગાંધીનગર સંચાલિત સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) અમરેલી ખાતે નવા શૈક્ષણિક સત્ર માટે પ્રવેશ પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

સંસ્થા દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર તા. ૧૧ જુલાઈથી ૧૫ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન પ્રથમ રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. વિદ્યાર્થીઓને સરળતા રહે તે માટે પ્રવેશ પ્રક્રિયા દરમિયાન આવનારા રજાના દિવસોમાં પણ સંસ્થા ચાલુ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ઓનલાઈન પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ તેમજ ડોક્યુમેન્ટ વેરિફિકેશન કરાવનાર ઉમેદવારો કચેરી સમય દરમિયાન સંસ્થાનો રૂબરૂ સંપર્ક કરી શકશે. વધુમાં વધુ વિદ્યાર્થીઓ સમયસર પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી શકે તે માટે આ ખાસ વ્યવસ્થા કરવામાં આવી હોવાનું આઈટીઆઈ અમરેલીના આચાર્યની યાદીમાં જણાવાયું છે.

## બાબરા ચેમ્બર ઓફ કોમર્સ પાસે શહેરના અણઉકેલ પડતર પ્રશ્નો ઉકેલવા ઉઠી માંગ

બાબરા,તા.૧૧

રાજકોટ-ભાવનગર-અમરેલીને જોડતા મહત્વપૂર્ણ હાઈવે પર આવેલું બાબરા શહેર વેપાર અને ઉદ્યોગનું કેન્દ્ર હોવા છતાં આજે પણ પાયાની સુવિધાઓથી વંચિત છે. વર્ષોથી પડતર પ્રશ્નોનો કાયમી ઉકેલ ન આવતા નગરજનો અને વેપારીઓમાં ભારે અસંતોષ છે. રાજકોટથી ભાવનગર વચ્ચેના ૧૭૦ કિલોમીટરના વિસ્તારમાં કોઈ એસ.ટી ડેપો નથી. બાબરા ભૌગોલિક રીતે મધ્યમાં હોવા છતાં વારંવારની રજૂઆતો પછી પણ અહીં ડેપો મંજૂર કરાયો નથી. આ ઉપરાંત શહેરમાં આધુનિક સિવિલ હોસ્પિટલ, પૂરતી ક્ષમતાવાળું ફાયર બ્રિગેડ સ્ટેશન અને કાળુભાર નદીના સંરક્ષણ તેમજ વિકાસનું કોઈ અસરકારક આયોજન નથી. સરદાર સર્કલ, દયારામ સર્કલ અને કરિયાણા ચોકડી જેવા વિસ્તારોમાં સ્પીડ બ્રેકર ન હોવાથી અવારનવાર અકસ્માતો સર્જાય છે.શહેરનો વિકાસ થશે તો જ વેપાર વધશે તે ન્યાયે લોકો ઈચ્છી રહ્યા છે કે બાબરા ચેમ્બર ઓફ કોમર્સ માત્ર વેપાર પૂરતું સીમિત ન રહે. તે સરકાર સમક્ષ મજબૂત રજૂઆતો અને લોકપ્રતિનિધિઓ સાથે સંકલન સાધીને આ જાહેર હિતના પ્રશ્નો ઉકેલવામાં આગેવાની લે તે સમયની તાતી જરૂરિયાત છે.

## રાજુલા કોલેજમાં ઉદ્યોગ અને યુવા રોજગાર વિષયક વ્યાખ્યાન યોજાયું

રાજુલા,તા.૧૧


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત એચ.બી. સંઘવી મહિલા આર્ટ્સ તથા કોમર્સ કોલેજ, રાજુલા ખાતે ઉદ્યોગ અને યુવા રોજગાર વિષયક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. કાર્યક્રમમાં સી.ઈ.ડી. ભાવનગરના સી.ઈ.ઓ. ડો. વિમલભાઈ જગડના અધ્યક્ષ સ્થાને માર્ગદર્શન આપવામાં આવ્યુ. મહેમાનોનું સ્વાગત પુષ્પગુચ્છ અને સુતરની આંટીથી કરવામાં આવેલ. કોલેજ પ્રિન્સિપાલ ડો. રીટાબેન રાવળે શાબ્દિક સ્વાગત કરેલ. ડો. જગડે બહેનોને લઘુ ઉદ્યોગ, સરકારી સહાય, સબસિડી અને સ્વાવલંબનના વિવિધ માર્ગો વિશે માહિતી આપેલ. સફળ મહિલા ઉદ્યોગકારોના ઉદાહરણો પણ રજૂ કરાયા હતા. વિદ્યાર્થીની બહેનોએ ઉત્સાહપૂર્વક પ્રશ્નોત્તરી કરી હતી.



અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


## સાવરકુંડલામાંથી ૪ જુગારી ઝડપાયા

સાવરકુંડલા, તા.૧૧

સાવરકુંડલામાંથી પોલીસે ૪ જુગારી ઝડપી પાડ્યા હતા. ધીરૂભાઈ કાનજીભાઈ પરમાર, અશ્વિનભાઈ છગનભાઈ વાઘેલા, ગૌતમભાઈ નાનજીભાઈ ગેડીયા તથા વિશાલભાઈ કિશોરભાઈ કાનજીયા જાહેરમાં ગંજીફાના પાના વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા રમતા રોકડા રૂ. ૧૦,૨૩૦ ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## રાજુલામાં કેફી પીણું પીને પેસેન્જર રિક્ષા ચલાવતો ચાલક ઝડપાયો

રાજુલા, તા. ૧૧

રાજુલામાં કેફી પીણું પીને પેસેન્જર રિક્ષા ચલાવતો ચાલક ઝડપાયો હતો. નાસીરભાઈ સુલ્તાનભાઈ સાલેડા (ઉ.વ. ૩૮) પાસ પરમિટ વિના કેફી પીણું પીધેલી હાલતમાં પોતાના હવાલાની પેસેન્જર રિક્ષા ચલાવતો ઝડપાયો હતો. જિલ્લામાંથી ૭ ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા. વિક્ટર ડુંગર રોડ કુંભારીયા ટી-પોઈન્ટ તથા ટીંબા ગામેથી એક-એક લીટર મળી કુલ બે લીટર દેશી દારૂ મળી આવ્યો હતો.


ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર

Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમીલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રીમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રીમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રીમીયમ મસાજ
Appointment Now
Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બાજુમાં અમરેલી - 365601

# બાબરાના નીલવડામાં જનક તળાવીયાના હસ્તે રૂ. ૧.૯૨ કરોડના ખર્ચે નવી મા.શાળાનું ખાતમુહૂર્ત

બાબરા, તા. ૧૧

બાબરા તાલુકાના નીલવડા ગામે રૂ. ૧.૯૨ કરોડના ખર્ચે નિર્માણ પામનાર નવી માધ્યમિક શાળાના ભવનનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે વૈદિક મંત્રોચ્ચાર સાથે સંપન્ન થયું હતું. ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને આધુનિક અને ગુણવત્તાયુક્ત શિક્ષણની સુવિધા મળી રહે તે હેતુથી આ શૈક્ષણિક



માળખું ઊભું કરવામાં આવી રહ્યું છે.આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર શિક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે અને મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ ગામડાંઓ સુધી પાયાની સુવિધાઓનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે. નવી શાળાના નિર્માણથી નીલવડા અને આસપાસના ગામોના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે દૂર જવું નહીં પડે અને તેમને સુરક્ષિત વાતાવરણ મળશે. આ કાર્યક્રમમાં જિલ્લા-તાલુકા પંચાયતના હોદ્દેદારો, સરપંચ, સ્થાનિક આગેવાનો, શિક્ષકો, વાલીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જિલ્લામાંથી એક પરિણીતા સહિત ચાર લોકો ગુમ

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લામાંથી એક પરિણીતા સહિત કુલ ચાર લોકો ગુમ થયાના અહેવાલ છે. બગસરાના જેઠીયાવદર ગામે રહેતા ભરતભાઈ શંભુભાઈ કણસાગરા (ઉ.વ. ૪૩)એ જાહેર કર્યા મુજબ, તેમનો દીકરો કરણ (ઉ.વ. ૧૯) તા. ૦૩/૦૭/૨૦૨૬ના રોજ સાંજના ચારેક વાગ્યે કોઈને કહ્યા વગર જતો રહ્યો હતો અને પરત ફર્યો નથી.ધારીના કેરાળા ગામે મફત પ્લોટ વિસ્તારમાં રહેતા મનિષાબેન ચંદુભાઈ સોલંકી (ઉ.વ. ૩૭)એ જાહેર કર્યા મુજબ, તા. ૦૩/૦૭/૨૦૨૬ના રાત્રિના ૦૮ વાગ્યાના સમયે ઘરના બધા સભ્યો હાજર હતા. તે દરમિયાન તેમના પતિ ચંદુભાઈ દલસુખભાઈ સોલંકી (ઉ.વ. ૩૮)ના કપડાંમાંથી બીજો ફોન મળી આવ્યો હતો. આ બાબતે પૂછતાં તેઓ પોતાની મેળે કોઈને કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા હતા અને ગુમ થયા હતા.લાઠીના ધામેલ ગામે રહેતા ચંદુભાઈ બચુભાઈ રાજકોટીયા (ઉ.વ.૩૨)એ જાહેર કર્યા પ્રમાણે, તેમના પત્ની સોનલબેન ચંદુભાઈ રાજકોટીયા (ઉ.વ.૩૦) તા. ૦૨/૦૭/૨૦૨૬ના રોજ સાંજના આશરે છએક વાગ્યાના સમયગાળા દરમિયાન પોતાના ઘરેથી કોઈને પણ જાણ કર્યા વગર પોતાની મેળે ક્યાંક જતી રહી હતી. બાબરાના ઈસાપર ગામે રહેતા વલકુભાઈ રવજીભાઈ વાઘેલા (ઉ.વ. ૪૬)એ જાહેર કર્યા મુજબ, તેમની દીકરી યશ્વીબેન (ઉ.વ.૨૧) તા. ૦૯/૦૭/૨૦૨૬ના રોજ બપોર પછી ચારથી સાડા છ વાગ્યાના અરસામાં ઈસાપર ગામે પોતાના રહેણાંક મકાનેથી કોઈને કંઈ કહ્યા વગર ક્યાંક જતી રહી હતી.

# સા.કુંડલામાં અકસ્માતમાં યુવકને ઈજા થતા સારવારમાં ખસેડાયો

સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલામાં અકસ્માતમાં એક યુવકને ઈજા થઈ હતી. કાંતિભાઇ મુળજીભાઇ વાળા (ઉ.વ.૪૨) એ જાહેર કર્યા મુજબ, તેઓ પોતાની બાઈક લઈને મામલતદાર કચેરીથી પોતાના ઘર તરફ હાથસણી રોડ પર જતા હતા, ત્યારે ત્રિમૂર્તિ પાનના ગલ્લા પાસે પહોંચતાં ડાબી સાઈડના રસ્તેથી એક અજાણ્યો મોટરસાઈકલ ચાલક પોતાની મોટરસાઈકલ પૂરઝડપે અને બેફિકરાઈથી ચલાવી તેમની સાથે ભટકાવી દીધી હતી. જેમાં કાંતિભાઈને માથાના ભાગે ડાબી બાજુએ મોટરસાઈકલનું સ્ટીયરિંગ વાગતાં ચાર ટાંકા આવ્યા હતા, તેમજ શરીરે ડાબા પગે ઘૂંટણના ભાગે, ડાબા હાથે કોણીના ભાગે અને ખભાના ભાગે છોલાવા જેવી તેમજ મૂઢ ઈજાઓ થઈ હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કે. ડી. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે. અત્રે નોંધનીય છે કે શહેરમાં માતેલા સાંઢની જેમ વાહનો દોડી રહ્યા છે ત્યોર આવા વાહનચાલકો સામે પોલીસ કડક કાર્યવાહી કરે તે જરૂરી છે.

# લાઠીના રામપર ગામેથી યુવતી સીવેલા કપડાં આપવા જવાનું કહીને નીકળ્યા બાદ ગુમ

**યુવતીના ભાઈએ લાઠી પોલીસમાં જાણ કરતા તપાસ શરૂ કરાઈ**

લાઠી, તા. ૧૧

લાઠીના રામપર ગામેથી એક યુવતી સીવેલા કપડાં આપવા જાઉં છું તેમ કહીને નીકળ્યા બાદ પરત ફરી નહોતી. અલ્પેશભાઈ અરજણભાઈ મકવાણા (ઉ.વ.૨૭)એ પોલીસમાં જાહેર કર્યા મુજબ, સંગીતાબેન અરજણભાઈ મકવાણા (ઉ.વ.૨૪) પોતાના ઘરેથી ગામમાં સીવેલા કપડાં આપવા જવાનું કહીને નીકળ્યા હતા. જે બાદ તેઓ કોઈને પણ કશું કહ્યા વગર ક્યાંક ચાલ્યા ગયા હતા અને પરત આવ્યા નહોતા. આ અંગે લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.એન. ગરૈયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# ખાંભા-નાગેશ્રી રોડ પરથી દેશી બનાવટના અગ્નિશસ્ત્ર સાથે પરપ્રાંતનો યુવક ઝડપાયો

**પોલીસે રૂા.૨૫,૪૦૦ની પિસ્તોલ અને બે કારતૂસ જપ્ત કર્યા**

ખાંભા, તા. ૧૧

ડેડાણ ખાંભા-નાગેશ્રી રોડ પરથી દેશી બનાવટના અગ્નિશસ્ત્ર સાથે પરપ્રાંતનો એક યુવક ઝડપાયો હતો. મૂળ મધ્યપ્રદેશના ઉચેહરા તાલુકાના રહેવાસી મહમદ ઈરફાન શેખ (ઉ.વ.૩૩) પાસેથી પરવાના/લાઈસન્સ વગરની દેશી બનાવટની મેગઝીનવાળી પિસ્તોલ (અગ્નિશસ્ત્ર) કિંમત રૂ. ૨૫,૦૦૦ તથા બે કારતૂસ કિંમત રૂ. ૪૦૦ અને એક સિલ્વર કલરનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂ. ૧૦,૦૦૦ મળી કુલ રૂ. ૩૫,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. તેણે આ હથિયાર ગુડગાંવના એક ઈસમ પાસેથી ખરીદ્યું હોવાની કબૂલાત કરી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના પીઆઈ કે. વી. ચુડાસમા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરાની પરિણીતાના ચારિત્ર્ય પર શંકા કરી રાજકોટમાં સાસરિયાએ ત્રાસ ગુજાર્યો

બાબરા, તા. ૧૧

બાબરાની પરિણીતાના ચારિત્ર્ય પર શંકા કરી રાજકોટમાં સાસરિયાએ ત્રાસ ગુજાર્યો હતો, તેમજ ગાળો આપીને ઢીકાપાટુનો મૂઢમાર માર્યો હતો. આ બનાવ સંદર્ભે બાબરામાં રહેતા આરતીબેન કાળુભાઈ પરમારે (ઉં.વ.૪૦) રાજકોટમાં રહેતા પતિ ચેતનભાઈ હરજીભાઈ બારૈયા, શાંતાબેન હરજીભાઈ બારૈયા, પ્રકાશભાઈ હરજીભાઈ બારૈયા, અલ્પાબેન પ્રકાશભાઈ બારૈયા, કીશનભાઈ હરજીભાઈ બારૈયા તથા અરૂણાબેન કીશનભાઈ બારૈયા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, ૨૨ વર્ષ પહેલાં તેમના લગ્ન થયાં હતાં. પતિ તેમના ચારિત્ર્ય ઉપર અવારનવાર શંકા કરતો હતો.

સાસરિયાં દ્વારા અલગ-અલગ સમયે તેમની વિરૂધ્ધ ચડામણી કરી નાની-નાની વાતોમાં મેણાટોણા મારી શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો.

પતિએ ગાળો આપી ઢીકાપાટુનો માર પણ માર્યો હતો. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ. જી. સોલંકી આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

**ગાળો આપીને ઢીકાપાટુનો મૂઢમાર માર્યો**

# અમરેલીની ગજેરા કેમ્પસમાં સાહિત્ય અને કલા મહોત્સવ-૨૦૨૬નો રંગારંગ પ્રારંભ

અમરેલી,તા.૧૧

અમરેલીની ગજેરા કેમ્પસમાં શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કૂલ, ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કૂલ તથા જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ ખાતે ૧૧થી ૧૫ જુલાઈ દરમિયાન સાહિત્ય અને કલા મહોત્સવ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. મહોત્સવમાં ૫૦૦૦ થી વધુ



વિદ્યાર્થીઓએ ચિત્ર, નિબંધ, વક્તૃત્વ, ગાયન-વાદન, સુલેખન, ક્વિઝ, સર્જનાત્મક કૃતિ અને એકપાત્ર અભિનય જેવી સ્પર્ધાઓમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કેમ્પસમાં સર્જનાત્મકતાનો માહોલ છવાયો હતો. પ્રમુખ વસંતભાઈ ગજેરાના માર્ગદર્શન હેઠળ યોજાયેલા મહોત્સવનો હેતુ વિદ્યાર્થીઓની પ્રતિભાને પ્રોત્સાહન આપી સર્વાંગી વિકાસ કરાવવાનો છે. મંત્રી ચતુરભાઈ ખુંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણી ઉપસ્થિત રહ્યા હતા. શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને આગામી ઉચ્ચ કક્ષાની સ્પર્ધાઓ માટે વિશેષ માર્ગદર્શન અને પ્રશિક્ષણ આપવામાં આવશે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૧૦૦ | ૧૮૮૮ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૨૧ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૬૨ |
| જુવાર સફેદ | ૧૦૫૦ | ૧૧૯૦ |
| જુવાર લાલ | ૧૧૧૧ | ૧૩૦૦ |
| જુવાર પીળી | ૪૪૬ | ૫૧૧ |
| બાજરી | ૩૪૬ | ૪૯૧ |
| મકાઇ | ૪૦૦ | ૪૯૬ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૨૧ |
| ચણા પીળા | ૧૦૮૦ | ૧૧૭૯ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૮૫૦ |
| અડદ | ૧૨૦૫ | ૧૯૨૯ |
| મગ | ૧૧૫૦ | ૧૭૬૦ |
| વાલ દેશી | ૭૦૦ | ૯૫૦ |
| ચોળી | ૯૫૦ | ૧૫૬૬ |
| વટાણા | ૫૫૦ | ૮૩૦ |
| કળથી | ૪૭૫ | ૬૨૫ |
| રાજમા | ૧૦૦૦ | ૨૦૦૦ |
| સીંગદાણા | ૧૬૮૦ | ૨૨૬૦ |
| મગફળી જાડી | ૧૧૬૦ | ૧૫૬૮ |
| મગફળી જીણી | ૧૧૪૦ | ૧૫૪૦ |
| તલી | ૨૨૨૦ | ૨૫૮૮ |
| એરંડા | ૧૨૧૫ | ૧૩૯૭ |
| અજમો | ૨૨૦૦ | ૨૨૦૦ |
| સુવા | ૧૨૮૦ | ૧૨૮૦ |
| સોયાબીન | ૧૧૬૦ | ૧૭૨૫ |
| સીંગફાડા | ૧૪૦૦ | ૧૭૪૦ |
| કાળા તલ | ૨૧૫૦ | ૩૭૭૫ |
| લસણ | ૧૧૬૧ | ૨૮૧૫ |
| ધાણા | ૨૪૫૦ | ૩૦૨૧ |
| ધાણી | ૨૪૭૫ | ૩૦૯૦ |
| વરીયાળી | ૧૩૫૦ | ૨૪૦૦ |
| જીરૂ | ૩૩૫૧ | ૩૯૮૬ |
| રાય | ૧૩૪૦ | ૧૭૦૫ |
| મેથી | ૯૪૦ | ૧૭૮૦ |
| કલોંજી | ૨૯૦૦ | ૩૫૫૦ |
| રાયડો | ૧૨૬૦ | ૧૪૩૭ |
| રજકાનું બી | ૭૫૦૦ | ૧૦૭૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૧૧ | ૮૨૬ |
| પપૈયા | ૧૫૪ | ૨૮૮ |
| બટેટા | ૮૬ | ૨૯૮ |
| ડુંગળી સુકી | ૧૬૦ | ૪૮૫ |
| ટમેટા | ૪૫૯ | ૭૪૬ |
| સુરણ | ૭૬૪ | ૯૫૮ |
| કોથમરી | ૧૬૦૩ | ૨૦૨૫ |
| રીંગણા | ૬૫ | ૧૮૫ |
| કોબીજ | ૨૧૫ | ૪૬૨ |
| ફ્લાવર | ૩૧૯ | ૭૭૩ |
| ભીંડો | ૪૧૬ | ૭૨૮ |
| ગુવાર | ૫૭૯ | ૧૨૨૬ |
| ચોળાસીંગ | ૬૪૩ | ૧૧૫૨ |
| ટીંડોળા | ૪૧૧ | ૮૮૫ |
| દુધી | ૨૮૪ | ૫૨૬ |
| કારેલા | ૩૯૨ | ૭૭૧ |
| સરગવો | ૬૧૪ | ૧૧૯૪ |
| તુરીયા | ૫૮૨ | ૯૭૭ |
| પરવર | ૫૧૭ | ૭૨૧ |
| કાકડી | ૩૮૨ | ૮૩૯ |
| ગાજર | ૪૩૧ | ૬૨૭ |
| વટાણા | ૧૬૨૧ | ૨૩૪૫ |
| ગલકા | ૩૨૮ | ૬૧૧ |
| બીટ | ૩૪૭ | ૫૬૪ |
| મેથી | ૧૫૭૮ | ૧૬૪૩ |
| ડુંગળી લીલી | ૧૨૧૪ | ૧૬૨૬ |
| આદુ | ૨૩૮૫ | ૩૪૨૫ |
| મરચા લીલા | ૬૨૪ | ૮૪૨ |
| મકાઇ લીલી | ૨૧૯ | ૪૨૮ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૮૦૬ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૪૬ |
| ઘઉં ટુકડા | ૪૭૬ | ૬૨૨ |
| મગફળી જીણી | ૧૨૨૧ | ૧૬૬૧ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૧૯૭૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૭૦૧ |
| એરંડા / એરંડી | ૧૧૫૧ | ૧૪૦૧ |
| તલ કાળા | ૧૯૦૧ | ૩૭૨૬ |
| જીરૂ | ૨૩૦૧ | ૩૯૯૧ |
| ક્લંજી | ૧૧૦૧ | ૩૪૯૧ |
| ધાણા | ૨૬૦૧ | ૩૦૩૧ |
| ડુંગળી લાલ | ૧૩૧ | ૪૯૬ |
| અડદ | ૯૫૧ | ૧૮૬૧ |
| તુવેર | ૯૨૬ | ૧૫૦૧ |
| રાજગરો | ૧૨૭૬ | ૧૨૭૬ |
| રાયડો | ૧૦૦૦ | ૧૩૪૧ |
| મેથી | ૧૦૩૧ | ૧૫૩૧ |
| કાંગ | ૬૫૧ | ૬૭૧ |
| ગુવાર બી | ૭૦૧ | ૧૦૦૦ |
| મગફળી જાડી | ૧૦૯૧ | ૧૬૧૧ |
| સફેદ ચણા | ૧૦૭૬ | ૧૭૭૧ |
| તલ - તલી | ૧૮૦૦ | ૨૭૦૧ |
| ધાણી | ૨૯૨૧ | ૩૦૫૧ |
| બાજરો | ૩૪૧ | ૩૪૧ |
| જુવાર | ૬૭૬ | ૧૧૫૧ |
| મકાઇ | ૪૩૧ | ૪૫૦ |
| મગ | ૧૦૦૧ | ૧૭૮૧ |
| ચણા | ૧૦૫૧ | ૧૧૮૬ |
| વાલ | ૫૦૦ | ૧૦૮૧ |
| ચોળા / ચોળી | ૧૦૨૬ | ૧૪૦૦ |
| સોયાબીન | ૧૦૭૬ | ૧૭૧૧ |
| અજમાં | ૩૦૦ | ૩૦૦ |
| ગોગળી | ૫૦૦ | ૧૩૦૧ |
| વટાણા | ૩૦૧ | ૭૬૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૩૦૦ | ૮૦૦ |
| મરચા | ૨૦૦ | ૯૦૦ |
| ગુવાર | ૫૮૦ | ૧૬૦૦ |
| કોબી | ૧૬૦ | ૪૪૦ |
| દુધી | ૧૦૦ | ૫૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૧૨૦૦ |
| કાકડી | ૧૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૨૦ | ૩૦૦ |
| ભીંડો | ૩૬૦ | ૧૦૦૦ |
| ગલકા | ૧૪૦ | ૬૦૦ |
| ગાજર | ૪૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૬૦૦ | ૩૦૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૪૦૦ | ૭૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૬૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૫ | ૧૦ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| પચકારુ | ૨૦૦ | ૩૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૨૦૦ |
| લીંબુ | ૨૮૦ | ૯૦૦ |
| મેથી પુરા | ૫ | ૨૭ |
| બીટ પુરા | ૧૦ | ૨૫ |
| સરગવો પુરા | ૨૦ | ૬૦ |
| ચોરા | ૪૦૦ | ૨૪૦૦ |
| કારેલા | ૩૦૦ | ૯૦૦ |
| આદુ | ૨૦૦૦ | ૪૦૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૪૦૦ |
| પાલક પુરા | ૩ | ૮ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૦૯૫ | ૧૪૦૦ |
| શિંગ દાણા | ૧૫૦૦ | ૨૪૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૬૪૦ | ૧૮૧૫ |
| તલ સફેદ | ૧૧૧૫ | ૨૭૪૦ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૮૧૫ |
| તલ કાશમીરી | ૧૪૮૦ | ૨૪૬૫ |
| બાજરો | ૩૨૦ | ૪૩૦ |
| જુવાર | ૧૧૨૫ | ૧૧૪૦ |
| ઘઉં ટુકડા | ૪૨૦ | ૫૫૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૦ |
| મગ | ૧૩૫૦ | ૧૪૭૦ |
| અડદ | ૧૬૬૫ | ૧૬૬૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૬૦ |
| ચણા દેશી | ૧૧૧૦ | ૧૧૧૦ |
| સફેદ ચણા | ૧૦૮૫ | ૧૧૦૦ |
| છોલે ચણા | ૧૨૦૦ | ૧૩૮૦ |
| તુવેર | ૯૦૦ | ૧૪૨૦ |
| કપાસ | ૧૦૨૦ | ૧૯૧૫ |
| એરંડા | ૧૦૦૦ | ૧૩૭૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૯૦૦ |
| ધાણા | ૨૪૫૦ | ૨૮૨૦ |
| અજમા | ૧૯૪૦ | ૧૯૪૦ |
| મેથી | ૧૨૩૦ | ૧૩૧૫ |
| સોયાબીન | ૯૦૦ | ૧૫૮૦ |
| રજકાનું બી | ૨૦૭૫ | ૪૦૦૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૧૦ | ૨૭૦ |
| રીંગણા | ૧૦૦ | ૩૦૦ |
| ફુલાવર | ૯૨૦ | ૧૦૨૦ |
| કોબીજ | ૪૦૦ | ૪૨૦ |
| શક્કરિયા | ૭૦૦ | ૮૦૦ |
| ટમેટા | ૬૫૦ | ૮૬૦ |
| સુરણ | ૮૩૦ | ૯૪૦ |
| ગાજર | ૫૦૦ | ૬૨૦ |
| દૂધી | ૩૫૦ | ૪૫૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૫૦૦ | ૬૦૦ |
| ચીભડા | ૬૫૦ | ૧૦૨૦ |
| કાકડી | ૪૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૯૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૨૯૦૦ | ૩૦૦૦ |
| ચોળા લીલાં | ૯૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૭૨૦ |
| આદુ | ૨૬૦૦ | ૩૪૦૦ |
| કોથમીર | ૨૦૦૦ | ૨૨૦૦ |
| મેથીભાજી | ૧૨૨૦ | ૧૫૨૦ |
| ફુદીનો | ૬૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૬૯૦ |
| બીટ | ૪૦૦ | ૫૦૦ |
| સરગવો | ૯૩૦ | ૧૦૨૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૨૦૦ |
| મરચા લીલા | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી સૂકી | ૨૦૦ | ૬૦૦ |
| લસણ સૂકું | ૨૦૫૦ | ૨૬૦૦ |
| પાલક | ૮૫૦ | ૯૩૦ |
| લીંબુ | ૬૦૦ | ૭૦૦ |
| મકાઇ | ૨૩૦ | ૪૦૦ |
| **બાબરા** | | |
| મગફળી | ૧૧૩૦ | ૧૩૧૦ |
| જીરૂ | ૩૪૪૦ | ૩૭૫૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૧૪૦ |
| ઘઉં | ૪૮૧ | ૫૨૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ઘઉં લોકવન | ૪૬૧ | ૪૬૧ |
| ચણા | ૧૦૬૦ | ૧૦૬૦ |
| ધાણા | ૨૮૭૫ | ૨૮૭૫ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૪૦૦ |
| શીંગ દાણા | ૧૫૫૦ | ૨૩૦૦ |
| એરંડા | ૧૨૫૦ | ૧૨૫૦ |
| મકાઇ | ૪૨૫ | ૪૨૫ |
| સોયાબીન | ૧૪૦૫ | ૧૪૦૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૦૦ | ૧૨૨૮ |
| બાજરી હાઈબ્રીડ | ૪૨૫ | ૫૧૩ |
| ઘઉં | ૪૫૦ | ૫૪૭ |
| રાય | ૧૩૦૦ | ૧૫૪૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૨૨ |
| જુવાર | ૯૦૦ | ૧૧૭૪ |
| અડદ | ૧૯૦૦ | ૧૯૩૭ |
| મગ | ૧૨૫૦ | ૧૮૫૮ |
| એરંડી | ૧૨૦૦ | ૧૩૫૮ |
| ચણા | ૯૫૦ | ૧૧૧૮ |
| સફેદ તલ | ૨૧૫૦ | ૨૬૨૨ |
| કાળા તલ | ૨૬૫૦ | ૩૯૭૦ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૩૯૮ |
| સીંગદાણા | ૧૫૭૦ | ૨૩૫૦ |
| **બગસરા** | | |
| મગફળી | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ઘઉં લોકવન | ૪૫૪ | ૫૪૮ |
| જુવાર | ૮૫૦ | ૮૫૦ |
| ઘઉં ટુકડા | ૪૩૨ | ૫૩૧ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૨૧૮૦ | ૨૪૫૦ |
| તુવેર | ૯૦૦ | ૧૨૫૦ |
| મગ | ૧૨૪૦ | ૧૨૪૦ |
| શીંગદાણા | ૧૪૦૦ | ૧૮૯૦ |
| સોયાબીન | ૧૩૨૫ | ૧૫૭૫ |
| એરંડી | ૧૧૫૦ | ૧૧૫૦ |
| તલ કાળા | ૩૪૭૫ | ૩૪૭૫ |
| ચણા | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ધાણા | ૨૨૮૦ | ૨૯૦૦ |
| મકાઈ | ૫૫૫ | ૬૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૮૭૧ |
| ઘઉં | ૪૦૧ | ૫૦૭ |
| જુવાર | ૧૧૬૬ | ૧૧૬૬ |
| મકાઈ | ૫૪૬ | ૫૪૬ |
| મગ | ૧૦૫૦ | ૧૧૫૧ |
| ચણા | ૮૦૧ | ૧૧૩૬ |
| ચોળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| અડદ | ૧૭૦૧ | ૧૭૦૧ |
| તુવેર | ૭૦૧ | ૧૪૫૧ |
| મગફળી | ૧૦૦૦ | ૧૨૨૧ |
| શિંગદાણા | ૧૪૦૧ | ૨૩૧૧ |
| શિંગફાડા | ૧૬૫૧ | ૧૬૫૧ |
| એરંડા | ૧૩૭૬ | ૧૩૭૬ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૬૩૬ |
| તલ કાળા | ૧૭૨૧ | ૩૮૧૧ |
| ધાણા | ૧૫૦૧ | ૨૯૬૧ |
| લસણ | ૪૦૦ | ૧૨૭૬ |
| સોયાબીન | ૯૦૧ | ૧૪૩૬ |
| **સાવરકુંડલા** | | |
| શિંગ-જીણી | ૧૨૫૦ | ૧૪૬૮ |
| શિંગ દાણા | ૧૮૦૦ | ૨૫૧૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૭૩ |
| તલ કાળા | ૩૧૦૦ | ૩૬૯૪ |
| જીરૂ | ---- | ૩૪૩૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૮૭૪ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૨૦ |
| બાજરો | ૪૫૦ | ૫૨૦ |
| જુવાર | ૪૮૦ | ૧૧૦૦ |
| મકાઈ | ૪૦૦ | ૫૨૦ |
| મગ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૪૧૦ |
| મેથી | ૧૨૦૦ | ---- |
| રાય/રાયડો | ૧૭૦૦ | ---- |
| ધાણા | ૨૨૦૦ | ૨૯૦૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૪૭૦ | ૧૦૯૦ |
| બાજરો | ૩૮૦ | ૫૦૦ |
| ઘઉં | ૪૫૦ | ૫૨૨ |
| અડદ | ૮૨૫ | ૧૬૪૦ |
| તુવેર | ૬૦૫ | ૧૪૫૦ |
| ચોળી | ૧૩૩૫ | ૧૫૪૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૬૦ |
| મકાઈ | ૩૮૦ | ૫૦૦ |
| ચણા | ૯૧૦ | ૧૧૫૭ |
| ચણા સફેદ | ૭૫૦ | ૧૪૬૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૩૦૦ |
| તલ | ૧૭૫૦ | ૨૪૮૦ |
| તલ કાળા | ૨૦૧૦ | ૩૩૧૫ |
| લસણ | ૮૦૦ | ૨૦૫૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૯૫ |
| ધાણા | ૧૨૦૦ | ૨૮૫૫ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૨૦૫૦ |
| ઈસબગુલ | ૧૧૯૦ | ૧૯૧૫ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૫૨૦ |
| વટાણા | ૨૬૫ | ૪૯૫ |
| **મહુવા** | | |
| એરંડા | ૧૨૧૫ | ૧૨૧૫ |
| જુવાર | ૩૦૦ | ૧૨૦૦ |
| બાજરી | ૪૨૬ | ૫૩૧ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૬૪ |
| મકાઈ | ૩૧૮ | ૩૭૫ |
| અડદ | ૫૧૬ | ૧૭૫૦ |
| મગ | ૧૩૨૦ | ૧૬૯૮ |
| સોયાબીન | ૧૬૭૦ | ૨૦૦૨ |
| ચણા | ૫૫૫ | ૧૧૬૧ |
| તલ સફેદ | ૨૩૬૫ | ૨૬૫૬ |
| તલ કાળા | ૨૦૦૦ | ૩૭૪૪ |
| મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ધાણા | ૨૬૦૧ | ૨૭૭૦ |
| ડુંગળી લાલ | ૧૨૮ | ૫૨૩ |
| ડુંગળી સફેદ | ૧૯૦ | ૪૨૫ |
| નાળીયેર | ૫૨૫ | ૨૪૦૦ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૦૬૦ | ૨૬૯૫ |
| બાજરો | ૪૦૦ | ૫૪૬ |
| ઘઉં ટુકડા | ૪૮૧ | ૫૩૦ |
| જુવાર | ૭૦૧ | ૧૧૮૫ |
| મગ | ૧૩૦૧ | ૧૫૮૫ |
| અડદ | ૧૭૭૫ | ૧૭૭૫ |
| તુવેર | ૧૩૩૦ | ૧૩૩૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૧૩૪૨ | ૧૩૪૨ |

# 'માચિસ'થી લઈને 'સતલજ': ખાલિસ્તાની મુદ્દો ભડકાવવાનું કામ કેમ ?

**વિચાર વલોણું**

જયવંત પંડ્યા



"ત્રણ સપ્તાહ પહેલાં બ્રિજમોહન શ્રીંગારીએ મધરાત્રે તેમની પત્ની અને ચાર દીકરીઓ સાથે તેમના પૂર્વજોના ફતેહાબાદ ગામમાં આવેલું તેમનું ઘર છોડી દીધું. ગામના શીખ પોલીસ કર્મચારીઓએ તેમના ટ્રકના ડ્રાઈવરને કહ્યું કે ટ્રકને પંજાબ રાજ્યની બહાર જ લઈ જજે. આનું કારણ શું? હિન્દુઓ પંજાબ રાજ્યમાં રહેવા માટે યોગ્ય નથી. તેમ શ્રીંગારીએ કહ્યું હતું.

ગયા એક મહિનામાં શ્રીંગારી સહિત અનેક હિન્દુઓએ વાયવ્ય પંજાબના સીમા પર આવેલા (સીમા પર આવેલા શબ્દો પર ભાર મૂકવો) ત્રાસવાદ પ્રભાવિત જિલ્લાઓમાંથી પોતાનાં ઘર છોડી-છોડી પલાયન કર્યું છે. સ્થળાંતરિત હિન્દુઓ કહે છે કે તેમની સંખ્યા ઘણી વધુ છે.'' ઉપરોક્ત શબ્દો લીધા છે 'વૉશિંગ્ટન પૉસ્ટ'ના ૧ જૂન ૧૯૮૬ના લેખમાંથી. આ લેખનું શીર્ષક છે 'હિંસાના કારણે હિન્દુઓ પંજાબ રાજ્યમાંથી પલાયન કરવા વિવશ' ! અકાલી દળે ઈ. સ. ૧૯૭૩માં આનંદપુર સાહિબ ઠરાવ દ્વારા પંજાબ રાજ્ય માટે સ્વાયત્તતા, પાણી, ચંડીગઢ ઈત્યાદિની માગણી કરી હતી. સ્વાયત્તતા પણ એવી કે કેન્દ્ર સરકારે પંજાબના સંરક્ષણ, વિદેશ નીતિ અને ચલણ (નાણાં) સિવાયની બધી જ સત્તા રાજ્ય સરકારને આપી દેવાની. આનાં મૂળ પડ્યાં હતાં નહેરુની જમ્મુ-કાશ્મીર અંગેની મૂર્ખતાપૂર્ણ નીતિમાં- અનુચ્છેદ ૩૭૦માં. અનુચ્છેદ ૩૭૦ હેઠળ જમ્મુ-કાશ્મીર (અને તેમાં લદ્દાખ પણ આવી ગયું)ને આ સત્તા મળી તેથી પંજાબમાં પરાજય પછી અકાલી દળે ઉપરોક્ત પ્રસ્તાવ કર્યો. આનો તોડ લાવવા સંજય ગાંધી અને ઝૈલ સિંહે શીખ ઉપદેશક જર્નૈલસિંહ ભીંદરાનવાલે પર પસંદગી ઉતારી. તેના શરૂઆતનાં અભિયાનોને ફંડ પૂરું પાડ્યું અને નિરંકારી પંથ સામેનાં આંદોલનોને સમર્થન પણ આપ્યું. શિરોમણિ ગુરુદ્વારા પ્રબંધક સમિતિ (એસજીપીસી)ની ચૂંટણીમાં ભીંદરાનવાલેના સમર્થનવાળા ઉમેદવારોને પણ કૉંગ્રેસે સમર્થન આપ્યું. એટલું જ નહીં, ૧૯૮૦ની લોકસભા ચૂંટણીમાં ભીંદરાનવાલેએ ઝૈલસિંહના સમર્થનથી ત્રણ બેઠકો પર ઉમેદવારો ઊભા રાખ્યા અને ત્રણેત્રણ જીત્યા હતા. જોકે ભીંદરાનવાલેને પોતાને ચૂંટણી લડવાની મહત્ત્વાકાંક્ષા નહોતી. અત્યારે શિવસેના (ઉદ્ધવ બાળ ઠાકરે), રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ કે તૃણમલમાંથી નેતાઓ પક્ષપલ્ટો કરે છે ત્યારે ૧૯૮૩માં અકાલી દળમાંથી મોટા પાયે પક્ષાંતર થયું હતું. આ બધું કૉંગ્રેસે ઈ. સ. ૧૯૭૭માં સત્તા ગુમાવી પછી કર્યું હતું. ૧૯૮૦માં ઈન્દિરાજી સત્તામાં પાછાં આવ્યાં એટલે હવે કૉંગ્રેસને ભીંદરાનવાલે ખૂંચવા લાગ્યો. આનું કારણ એ હતું કે ભીંદરાનવાલે નિયંત્રણ બહાર જતો રહ્યો હતો. તેણે સશસ્ત્ર ચળવળ ચાલુ કરી દીધી હતી. વિવિધ આંદોલનોને દબાવવાં કૉંગ્રેસની ઈન્દિરા ગાંધી સરકાર અને રાજ્યની સરકારે પોલીસને છૂટો દોર આપી દીધો. એન્કાઉન્ટર થવાં લાગ્યાં. તેમાં મરનારા શીખો વધુ હતા. આ વાતને ભીંદરાનવાલેએ ઊછાળી. હવે શીખોએ પણ શસ્ત્રો ઉપાડવાનાં ચાલુ કર્યાં. પંજાબના મુખ્ય પ્રધાન દરબારસિંહની હત્યાનો પ્રયાસ થયો. આ બધાના કારણે શીખોમાં અલગાવવાદ વધવા લાગ્યો. કાશ્મીરમાં ત્રાસવાદના પ્રયત્નો પણ ચાલુ થઈ ગયા હતા. કાશ્મીરી ત્રાસવાદીઓ ૧૯૮૪માં સુવર્ણ મંદિરમાં પણ આવતાજતા હતા. પાકિસ્તાન અને જમ્મુ-કાશ્મીરમાં ફારુક અબ્દુલ્લાની સરકાર પંજાબ અને કાશ્મીરના ત્રાસવાદીઓને ખાતર-પાણી આપતાં હતાં. તે સમયના મીડિયા અહેવાલો એવું કહે છે કે ભીંદરાનવાલેએ આનંદપુર સાહિબ ઠરાવને સમર્થન આપ્યું હતું પરંતુ ખાલિસ્તાનની માગણીને (અલગ દેશની માગણીને) ક્યારેય જાહેરમાં સમર્થન નથી આપ્યું. જુલાઈ ૧૯૮૨માં હરચંદસિંહ લોંગોવાલે ભીંદરાનવાલેને સુવર્ણ મંદિર પરિસરમાં રહેવા આમંત્રણ આપ્યું હતું. ૧૯ જુલાઈ ૧૯૮૨એ ભીંદરાનવાલે અને તેના સશસ્ત્ર ત્રાસવાદીઓએ ત્યાં રહેવા માંડ્યું અને તેને પોતાનું વડું મથક બનાવી દીધું. દરમિયાનમાં અકાલ તખ્ત પરિસરમાં પણ ભીંદરાનવાલે સામે વિરોધનો સ્વર વધી રહ્યો હતો. આમાં પ્રબળ સ્વર હતો પંથીય નેતા જ્ઞાની પ્રતાપસિંહનો. તેઓ અકાલ તખ્તના પૂર્વ જથેદાર હતા. તેમની અને બીજા કેટલાક અકાલીઓની હત્યા થઈ ગઈ.



હવે તમે જુઓ કે 'રૉ'એ સુવર્ણ મંદિર પરિસરમાંથી ભીંદરાનવાલેને ઉઠાવી લેવાનું 'ઑપરેશન શટડાઉન' નક્કી કર્યું હતું. પરંતુ ઈન્દિરા ગાંધીએ તેને અનુમતિ ન આપી. કેમ? કારણકે તેના દ્વારા ઑપરેશન બ્લુ સ્ટારના લીધે જે જશ મળવાની ગણતરી હશે તે ન મળત? ખબર નહીં, પણ જો તેમ થયું હોત તો ઑપરેશન બ્લુ સ્ટાર ન થયું હોત અને તો શીખોમાં પ્રચંડ ખાલિસ્તાન તરફી અલગાવવાદ ન ભડક્યો હોત. ઑપરેશન બ્લુ સ્ટાર થયું પરંતુ ૧૯૭૧માં બાંગ્લાદેશ રચના, ૧૯૭૫માં કટોકટીથી બળપ્રયોગના ઉપયોગથી લોખંડી છબિ બનાવનાર વડાં પ્રધાન ઈન્દિરા ગાંધીને કલ્પના નહોતી કે ઑપરેશન બ્લુ સ્ટારથી તેમની લોખંડી છબિ મજબૂત બનવાના બદલે ખરડાશે. વધુ પડતા વિશ્વાસમાં રહેલાં વડાં પ્રધાન ઈન્દિરાજીની તેમના જ શીખ અંગરક્ષકો દ્વારા હત્યા થઈ ગઈ, તે પછી શાંત પડવાના બદલે રાજીવ ગાંધીએ જેને પાછળથી 'બડા પૈડ ગિરતા હૈ તો ધરતી હિલતી હૈ' કહી સમર્થન આપ્યું હતું તે શીખ નરસંહારમાં કૉંગ્રેસના ગુંડાઓ દ્વારા વીણીવીણીને શીખોને ગળામાં ટાયર નાખીને સળગાવીને, દોડાવી-દોડાવીને માર્યા. તેના કારણે ખાલિસ્તાન આતંકવાદ ભડકી ઊઠ્યો. આ બધામાં નિશાન બન્યા હિન્દુઓ. કાશ્મીરમાંથી હિન્દુઓને પ્રતાડિત કરીને- હત્યા કરીને, બળાત્કાર કરીને, ઘરમાં લૂટફાટ કરીને ભગાડાયા તે પહેલાં અનેક વાર હિન્દુઓનું આ રીતનું નિષ્ક્રમણ (exodus) થઈ ચૂક્યું હતું.

જમ્મુ-કાશ્મીરમાં બૂતશિકન તરીકે ઓળખાતા સિકંદરના આક્રમણથી લઈને ૧૯૪૭માં વિભાજન સમયે હિન્દુઓને પોત-પોતાનાં ઘરબાર છોડીને રાતોરાત પાકિસ્તાનથી ભારત ભાગી આવવા ફરજ પડી હતી. રાતોરાત હિન્દુઓ પોતાના જ દેશના એક હિસ્સા (પાકિસ્તાન)માં પારકા બની ગયા, સાથે રહેતા લોકોના શત્રુ બની ગયા ! અને હજુ ગઈ કાલે ૧૬ ઑગસ્ટે જે અખંડ ભારતનો હિસ્સો હતો તેવા ભારતમાં પ્રવેશીને શરણાર્થી બની ગયા ! ત્યાર પછી ૧૯૮૬માં ખાલિસ્તાન આતંકવાદના ઉદ્ભવ પછી ફરીથી હિન્દુઓને પોતાના સરસવથી લહેરાતા ખેતરો અને જમીન-ઘર મૂકીને પંજાબ છોડીને નાસવું પડ્યું. ખાલિસ્તાની ત્રાસવાદનો ભોગ બનનારાંઓમાં ઈન્દિરાજી ઉપરાંત ઑપરેશન બ્લુ સ્ટારનું નેતૃત્વ કરનારા સેનાધ્યક્ષ જનરલ અરુણ વૈદ્ય, પંજાબના મુખ્ય પ્રધાન બિયંતસિંહ, 'પંજાબ કેસરી' સમાચારપત્રના સ્થાપક લાલા જગતનારાયણ, અકાલી દળના મવાળવાદી નેતા હરચંદસિંહ લોંગોવાલ (જેમણે રાજીવ ગાંધી સાથે ઈ. સ. ૧૯૮૫માં સમજૂતી કરી હતી જેને રાજીવ-લોંગોવાલ સમજૂતી તરીકે ઓળખવામાં આવે છે), રાષ્ટ્રપતિ શંકરદયાલ શર્માના જમાઈ અને કૉંગ્રેસ નેતા અજય માકેનના કાકા, કૉંગ્રેસ નેતા લલિત માકેન અને કૉંગ્રેસ નેતા અર્જુન દાસ જેવાં નામો છે. કાશ્મીરમાં હિન્દુઓનો જે રીતે નરસંહાર કરાયો હતો તે જ રીતે પંજાબમાં પણ કરાયો. જુલાઈ ૧૯૮૭માં લાલરુ પાસે બસને આંતરીને ખાલિસ્તાની ત્રાસવાદીઓએ હિન્દુઓને અલગ પાડીને ૩૮ હિન્દુઓની હત્યા કરી. જુલાઈ ૧૯૮૭માં જ ફતેહાબાદમાં બે બસમાં ૩૪ હિન્દુઓની હત્યા કરવામાં આવી. આ ઉપરાંત ૨૩ જૂન ૧૯૮૫એ કેનેડાના મૉન્ટ્રીયલથી મુંબઈની બૉઈંગ ૭૪૭ની ફ્લાઇટને હવામાં બૉમ્બથી ઉડાવી દેતાં ૩૨૯ લોકોનાં મૃત્યુ થયાં હતાં. આની પાછળ ખાલિસ્તાની ત્રાસવાદી સંગઠન બબ્બર ખાલસાનો હાથ હોવાનું કહેવાય છે. ૧૯૮૯ની સંસદીય ચૂંટણીમાં શીખ અલગાવવાદી નેતાઓ ચૂંટાઈ આવ્યા હતા તે પણ ચિંતાજનક વાત હતી. ૧૯૯૦ના દાયકામાં ખાલિસ્તાની હિંસા વધતી ગઈ. કાશ્મીરમાં જેમ સરકાર કે પોલીસને બાતમી આપનારા અથવા રાષ્ટ્રવાદી હોય તેવા મુસ્લિમોની પણ હત્યા થઈ જતી તેમ અહીં પંજાબમાં પણ થવા લાગ્યું. ઘણા રાષ્ટ્રવાદી શીખોએ ખાલિસ્તાની શીખો સામે સશસ્ત્ર લડત ઉપાડી હતી. તેમાં બલવિન્દરસિંહ સિંધુનો પરિવાર પણ હતો. તેમની આ લડતના કારણે ૨૦૦ ખાલિસ્તાની ત્રાસવાદીઓએ તેમના ઘર પર આક્રમણ કર્યું પરંતુ સંધુ પરિવારે અનેક ત્રાસવાદીઓને મરણને શરણ કરી દીધા, પરિણામે તેમને શૌર્ય ચક્ર મળ્યો હતો. પરંતુ તેમને ખાલિસ્તાની ત્રાસવાદીઓએ સદા સ્મરણમાં રાખ્યા. જેમ સલમાન રશ્દી પર 'સેતાનિક વર્સીસ' બદલ ૩૩ વર્ષ પછી ફતવાનો અમલ કરી ૨૦૨૨માં અમેરિકામાં છરીથી મુસ્લિમ ત્રાસવાદીએ આક્રમણ કર્યું તેમ બલવિન્દરસિંહ સંધુની તેમના ભીખીવિંદના નિવાસે ખાલિસ્તાની ત્રાસવાદીઓએ હત્યા કરી હતી.

ભલે કૉંગ્રેસના લીધે ખાલિસ્તાની મુદ્દો જન્મ્યો હોય, પરંતુ તે પછી આ ખાલિસ્તાની ત્રાસવાદીઓની વિરુધ્ધ કડક કાર્યવાહીની આવશ્યકતા હતી જ. નરસિંહરાવ સરકારે કે. પી. એસ. ગિલને છૂટો દોર આપી કડક હાથે ખાલિસ્તાની ત્રાસવાદનો અંત કરી દીધો. પણ આ મુદ્દે કે. પી. એસ. ગિલ પર ફિલ્મ બનાવવાના બદલે અભિષેક ચૌબેએ 'યૂટીવી'ના રૉની સ્ક્રૂવાલા સાથે મળીને 'સતલજ' ફિલ્મ બનાવી. અભિષેક ચૌબે 'ઉડતા પંજાબ'ના લેખક હતા. ૨૦૧૬માં બરાબર ચૂંટણીના સમયે 'ઉડતા પંજાબ' રજૂ થઈ હતી. અને હવે 'પંજાબ'માં આ વર્ષે ચૂંટણી થવાની છે ત્યારે જ 'સતલજ' આવી છે. ચેટજીપીટી અને જેમિની જેવા એઆઈમાં તમે જો પ્રૉપેગેન્ડા ફિલ્મોની વ્યાખ્યા પૂછશો તો તે કહેશે કે જે ફિલ્મ ચૂંટણીના સમયે રજૂ થાય અને જેમાં એક પક્ષીય વાત હોય, તેને પ્રૉપેગેન્ડા ફિલ્મ કહે છે અને તેનાં ઉદાહરણ તરીકે 'ધ કાશ્મીર ફાઈલ્સ', 'કેરળ સ્ટૉરી' ઈત્યાદિ રાષ્ટ્રવાદી ફિલ્મોનાં નામ આપશે, પરંતુ 'ઉડતા પંજાબ' અને 'સતલજનું નામ નહીં આપે. ઉર્દૂવુડના લોકો છેક ૧૯૪૩ની અશોકકુમારની 'કિસ્મત' વખતથી ગામના ઉતાર જેવા ચોર, લૂટારા, ડાકુ, બળાત્કારી ઈત્યાદિને હીરો અને ઘરની જવાબદારી હતી અને બધાની કુદૃષ્ટિ હતી તેથી વેશ્યા બની ગઈ તેવું કહેતી હિરોઈન બતાવે છે. નક્સલવાદના સમર્થનમાં 'લાલ સલામ', 'ચક્રવ્યૂહ', 'હઝારો ખ્વાહિશે ઐસી', 'રાવણ' જેવી અનેક ફિલ્મો આવી. ઈશાન ભારતના ઉગ્રવાદના સમર્થનમાં મણિરત્નમની શાહરુખ ખાનવાળી (જેમાં પાછું જિસ કી ઝુંબા ઉર્દૂ કી તરહ, આયત કી તરહ મિલ જાયે કહીં તેવા શબ્દો દ્વારા ઈસ્લામનો પણ પ્રચાર થતું ગીત છપ્યાં છપ્યાં હોય) આવી. ઈસ્લામિક ત્રાસવાદીઓને ઉચિત ઠરાવતી ફિલ્મ 'મિશન કાશ્મીર'થી માંડીને અનેક છે. 'ખાકી', 'ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની' અને 'જૉલી એલએલબી' જેવી અનેક ફિલ્મોમાં બતાવાયું કે ખોટા મુસ્લિમને ત્રાસવાદીમાં ખપાવી દેવાય છે.

જ્યારે ખાલિસ્તાની આતંકવાદ શાંત પડી ગયો હતો ત્યારે ગુલઝારે ૧૯૯૬માં 'માચિસ' બનાવી તેના પરથી ઠરી ગયેલા અગ્નિને ફરી પ્રજ્વલતિ કરવાનું કામ કર્યું હતું. દ્વિઅર્થી ગીતો બનાવનાર 'અમરસિંહ ચમકીલા' પર ઈમ્તિયાઝ અલીએ દિલજીત દોસાંજને લઈને ફિલ્મ બનાવી. હવે 'સતલજ' ફિલ્મમાં પણ દિલજીત દોસાંજ છે.

'સતલજ' ફિલ્મ શીખ માનવાધિકાર કાર્યકર્તા જશવંતસિંહ ખાલરા પર આધારિત છે. એટલે તેમાં એવું બતાવાયું છે કે પોલીસે કેટલો અત્યાચાર કર્યો હતો. જશવંતસિંહનું પોતાનું અપહરણ પણ પોલીસે કરી તેમને ગૂમ કરી દીધા હતા તેમ કહેવાય છે. આ ફિલ્મમાં ક્યાંય હિન્દુઓ પરનો અત્યાચાર તો બતાવાયો જ નથી. પોલીસની નેગેટિવ સાઈડ બતાવાઈ છે. એટલે સ્વાભાવિક જ આ ફિલ્મ ખાલિસ્તાનની તરફેણમાં શીખોને ઉશ્કેરવાનું કામ કરે. અગાઉ આ ફિલ્મ 'પંજાબ ૯૫' નામે થિયેટરમાં રજૂ થવાની હતી પરંતુ સેન્સર બૉર્ડે કટ સૂચવ્યા એટલે તેને અટકાવી ચૂપચાપ ઝી-૫ પર ગત ત્રણ જુલાઈએ રિલીઝ કરી નાખી. ઉહાપોહ થયો એટલે ઝી-૫એ તેને હટાવી દીધી. પરંતુ તેના આગલા દિવસે દિલજીતે ઈન્સ્ટાગ્રામ પર પૉસ્ટ મૂકી કહ્યું હતું કે આ ફિલ્મ પર પ્રતિબંધ લાગી જશે.

ભારતમાં તો પ્રતિબંધ લાગી ગયો પરંતુ વિદેશોમાં આ ફિલ્મ પહોંચી ગઈ છે. તેની કેવી ગંભીર અસર પડશે તેની કલ્પના કરવી અઘરી છે. ભારતમાંય ફેસબુક પર તો તેનાં દૃશ્યો મૂકાઈ જ ગયાં છે. એટલે હવે આ ઓટીટી અને સૉશિયલ મીડિયા પર સરકારે કડક નિયંત્રણો મૂકવાં જ રહ્યાં. અમેરિકા, કેનેડા, બ્રિટન, જર્મની અને ઑસ્ટ્રેલિયા જેવા દેશોમાં ખાલિસ્તાનના સમર્થનમાં જનમત સંગ્રહ (રેફરેન્ડમ) થયો હતો. અજ્ઞાત 'ધૂરંધરો' સાહસ કરીને કેનેડામાં હરદીપસિંહ નિજ્જરની હત્યા કરે છે અને અમેરિકામાં શીખ ફૉર જસ્ટિસ ચલાવતા ગુરપતવંતસિંહ પન્નુનની હત્યા કરવા પ્રયત્ન કરે છે, વડા પ્રધાન તરીકે જસ્ટિન ટ્રુડો સાર્વજનિક રીતે ખાલિસ્તાનીઓનું સમર્થન કરે છે, ભારતમાં ખેડૂત આંદોલનમાં ખાલિસ્તાની સમર્થકો ઈન્દિરાની જેમ મોદીની હત્યા કરવાનું આહ્વાન કરે છે તે ખેડૂત આંદોલનને ટ્રુડો સમર્થન કરે છે, પરંતુ ટ્રમ્પના આવ્યા પછી કેનેડાને ૫૩મું રાજ્ય બનાવવાની ધમકી પછી ટ્રુડોની વિદાય થાય છે અને કેનેડામાં ખાલિસ્તાને રાજ્યાશ્રય મળતો બંધ થાય છે. પરંતુ ભારતમાં 'સતલજ' ફિલ્મ બનીને આ બધા પર પાણી ફેરવવાનું કામ કરે છે.

એવું નથી કે પંજાબમાં ખાલિસ્તાનનો મુદ્દો બંધ થઈ ગયો છે. દિલ્લીમાં આ આપના ઉદ્ભવ પછી વધ્યો છે. આ આપને અને ખાલિસ્તાનના મુદ્દાને શું લેવાદેવા તેની વાત લાંબી છે. પરંતુ કેજરીવાલે ખાલિસ્તાની ત્રાસવાદી અને દિલ્લીમાં બૉમ્બ ધડાકા દ્વારા નવને મારી નાખનાર દેવિન્દરસિંહ ભુલ્લરની ફાંસીની સજા ક્ષમા કરાવવા રાષ્ટ્રપતિને અનુરોધ કર્યો હતો. અને પન્નુને આક્ષેપ કર્યો હતો કે ખાલિસ્તાની જૂથોએ આઆપને ૧.૬ કરોડ ડૉલરનું ફંડ પૂરું પાડ્યું હતું. છેલ્લાં કેટલાંક વર્ષોમાં શીખ ગાયકોનાં ગીતોમાં પણ ભીંદરાનવાલે અને ખાલિસ્તાનના સીધા-પરોક્ષ સંદર્ભો આવે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં સંઘ, ભાજપ અને શિવસેનાના નેતાઓની હત્યાઓ થઈ છે.

આવામાં 'સતલજ' ફિલ્મ બરાબર ચૂંટણી સમયે જ રજૂ કરીને આ ઉર્દૂવુડવાળાઓએ ફરી એક વાર દેશહિત વિરોધી કાર્ય કર્યું છે. સૉશિયલ મીડિયા પર અનેક શીખ નામધારી સાચા-ખોટાં એકાઉન્ટ પરથી શીખો પર થયેલા અત્યાચારની વાતો મૂકવામાં આવી રહી છે. આવી ફિલ્મોને ફંડ ક્યાંથી મળે છે તેની તપાસ થવી જોઈએ અને તેના નિર્માતા-નિર્દેશકો-કલાકારો સામે યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ. ■

jaywant.pandya@gmail.com

# ધંધો ચાલતો નથી. શું કરવું ?

**હાસ્યાય નમઃ**

ડો. પ્રકાશ દવે

૯૫૭૪૩૭૪૪૫૩



(૧)સ્ત્રીનું આભૂષણ લજ્જા તો પુરુષનું આભૂષણ?

રામભાઈ પટેલ (સુરત)

તમે પેલા સોનીની દુકાનમાં કામ કરતા હતા?!

(૨)મોરના ઈંડા ચીતરવા ન પડે એ વાતની મોરને ખબર હશે?

જય દવે (ભાવનગર)

આવી વાતુંની ઢેલને વધારે ખબર હોય.

(૩)અમારા ગામમાં વરસાદ નહી આવે તો અમારે શું કરવું?

ઉન્નતિ મહેતા (રાજકોટ)

ઉની ઉની રોટલી ને કારેલાનું શાક તમારે એકલાએ ખાઈ જવું.

(૪)મન જો મંદિર છે તો તન?

રક્ષિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)

આધ્યાત્મિક સવાલો માટે એક નવી કોલમ શરૂ કરવા હું તન અને મનથી મહેનત કરી રહ્યો છું. માત્ર ધન ઘટે છે.

(૫)સાહેબ..! "રોતે રોતે હંસના શીખો" એ શું શક્ય છે?

ધોરાજીયા ચંદ્રકાંત એન (સાજણટીંબા)

એ શક્ય ન હોય તો એ ગીતની આગળની પંક્તિ મુજબ કરો: હસતે હસતે રોના..!

(૬)યુરોપમાં આટલી બધી ગરમી પડી એમાં જવાબદાર કોણ?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા કેનેડા)

અમારા ગામના ધુડાભાઈ.. એણે એના ખેતરમાં તાપણું કર્યું હતું!

(૭)પહેલા જ વરસાદમાં રોડ પર આટલા ખાડા પડ્યા એની તપાસ તમને સોંપી છે?

ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

શેની તપાસ? બાકીના રોડના ખાડા કેમ ન પડ્યા એની?!

(૮)દાણચોરી અને દાનચોરી આ બેયમાં ફરક શું?

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

તમને હું એકેય એંગલથી આમાં સંડોવાયો હોઉં એવું લાગે છે?!

(૯)એક સર્વેમાં જાણવા મળ્યું છે કે ૩૦ ટકા લોકોને રોજ સવારે માથું દુઃખે છે; આવી સ્થિતિ કેમ થઈ ?

કનુભાઈ પરમાર (દામનગર)

બાકીના ૭૦ ટકાને કારણે!

(૧૦)ધંધો ચાલતો નથી. શું કરવું?

દર્શન પટેલ (વડોદરા)

તમે ચાલવા માંડો.

(૧૧)મારે ભવિષ્યમાં દરિયા સામે ઘર બનાવવું છે. બનાવી શકીશ? નીરવ ડણાંક (અમરેલી)

તમે ધારો તો તમારા ઘર સામે પણ દરિયો બનાવી શકો છો.

(૧૨)અત્યારના સમયમાં પતિને પરમેશ્વર માની શકાય?

રમાબેન પટેલ (અમદાવાદ)

હા માની શકાય પરંતુ એના પર અબીલ ગુલાલ કંકુ ન ચડાવાય.

(૧૩) પકડો કલમ ને કોઈ પળે એમ પણ બને, આ હાથ આખેઆખો બળે એમ પણ બને પતો શું કલમ ન પકડવી?

જયસુખભાઈ આંબાભાઈ (ગોંડલ)

આવું થતું હોય તો કોમ્પ્યુટરમાં ટાઈપ કરવાનું રાખો.

(૧૪)હું મૂર્ખ પતિ પર ગુજરાતી ફિલ્મ બનાવવા માંગુ છું. શીર્ષક શું રાખવું?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

ભાન વગરનો ભરથાર.

(૧૫)નહીં ઘરના નહીં ઘાટના.. આ કહેવત કોને લાગુ પડે?

જયશ્રીબેન બી. મહેતા (કોટડાપીઠા)

વિદેશ જવાના મોહમાં સરહદ પર અટવાઈ જાય એને. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# જાકે પ્રિય ન રામ વૈદેહી.... તજીયે તાકો કોટી વેરી સમ....

**રાજકીય રસધાર**

પ્રવીણ માધાણી



ભક્ત કવિયત્રી મીરાં અને ગોસ્વામી તુલસીદાસ સમકાલિન હતા. જયારે મીરાને તેના કુટુંબ પરિવાર દ્વારા કૃષ્ણભક્તિમાં બાધા કરવામાં આવી, જેની આરાધના મીરાં દ્વારા કરવામાં આવતી હતી ભગવાનના એ વિગ્રહને તોડવાના પ્રયાસો કરવામાં આવ્યા, અનેકો પ્રકારે મીરાને પ્રતાડિત કરવામાં આવ્યા ત્યારે મીરાએ તુલસીદાસજીને પત્ર લખ્યો કે મારે શું કરવું ? મને એમ થાય છે હું આ મારા બધા સ્વજનોનો ત્યાગ કરી દઉં જે મને કૃષ્ણભક્તિમાં બધા રૂપ છે. આમાં કોઈ પાપ તો નથી ને ? જવાબમાં તુલસીદાસજી એક કવિતા મીરાને ઉદ્દેશીને લખે છે...... જેને રામસીતા પ્રિય ન હોય એ પરમ સ્નેહી હોય તો પણ તેનો કોટી જનમનો વેરી સમજીને ત્યાગ કરી દેવો.... તુલસીદાસજી પ્રહલાદ, વિભીષણ, ભરત, બલિના ઉદાહરણો આપીને મીરાંને સમજાવે છે. તુલસીદાસજીના આ પત્રની મીરાને સલાહ આજે પણ પ્રસ્તુત છે. જે ઈશ્વરમાં શ્રધ્ધા રાખે છે એણે એમાં બધા રૂપ હોય એવા સબંધોનો ત્યાગ કરી દેવો જોઈએ.

મીરાં અને તુલસીદાસજીનો ઉપરોક્ત પ્રસંગ યાદ કરવાનું લાગતું કારણ આજનું અયોધ્યાનું રામમંદિર છે. પાંચસો વર્ષના સંસ્કૃતિક સંઘર્ષ અને અનેકો બલિદાનો બાદ હિંદુ આસ્થાને અયોધ્યામાં રામમંદિર સ્વરૂપે મૂર્તિમંત સ્વરૂપ મળ્યું છે. હિન્દુઓએ પોતાના આરાધ્યદેવને એમનું મૂળસ્થાન અપાવીને વિધર્મો પર વિજય પ્રાપ્ત કર્યો છે. પાંચ સૈકા વીતવા છતાં આ ભાવના હિન્દુઓના હૃદયમાં કેમ જીવતી રહી ? હજારો ભવ્ય રામમંદિરો હિન્દુસ્તાનમાં આવેલા છે. આસ્થાની ચેતનાનું કેન્દ્રબિંદુ બીજા કોઈ મંદિરમાં કેમ સ્થાપિત ન થઈ શક્યું.? કારણકે આ ઈષ્ટદેવના જન્મસ્થળનું મંદિર છે. ભગવાન રામ લક્ષ્મણને ઉદ્દેશીને કહે છે કે...

अपि स्वर्णमयी लङ्का न मे लक्ष्मण रोचते व्जननी व्जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी

'લક્ષ્મણ, ભલે લંકા સોનાની બનેલી હોય, તો પણ મને તેમાં કોઈ રુચિ નથી. કારણ કે જનની અને જન્મભૂમિ સ્વર્ગથી પણ મહાન છે.' ભગવાન રામની આસ્થા પણ જે સ્થાન સાથે જોડાયેલ હોય, એ સ્વાભાવિક રીતે હિંદુ હૃદયોમાં અનેરું સ્થાન ધરાવતું હોય. એ રામમંદિરમાં ભક્તો પોતાની આસ્થાના ચઢાવા સ્વરૂપે દાન કરતા હોય છે, જે હિંદુ પરંપરા છે. પ્રાચીનકાળથી મંદિરો રાજ્યાશ્રિત કે પ્રજાશ્રિત રહ્યા છે. એ ચઢાવો કોઈ દૂરસદૂર ગામડાકસબાના વંચિત, છેવાડાના, પાંચ સૈકા બાદ પ્રગટેલ પોતાની શ્રદ્ધાના અહોભાગ્યને નમન કરવા આવેલા નિષાદ જેવા માણસ પોતાની ધોતીના છેડે કે સાડલાના કે ચુંદડીના છેડે બાંધી રાખેલા પોતાના પ્રભુને અર્પણ કરવાના સુમન સ્વરૂપ પાંચ રૂપિયાથી લઈને કોઈ ધનિક તવંગર દ્વારા પ્રભુ પ્રત્યે પોતાની કૃતજ્ઞતા વ્યક્ત કરતા પાંચ કરોડનો હોઈ શકે છે. મંદિર બન્યાના થોડા સમયમાં જ હિંદુ શ્રધ્ધાળુઓએ પ્રભુના ચરણોમાં દાનનો ધોધ વહાવી દીધો. પાંચસો વર્ષ સુધી એકઠું થયેલું આ અર્પણ ભાથું પ્રજાએ પ્રભુના ચરણે ધરી દીધું. એ ચઢવાની ચોરી થઈ ગઈ છે. ચોરી જેટલા પ્રમાણમાં થઈ હોય, જેના દ્વારા પણ થઈ હોય, જેની જવાબદારી ચૂકથી પણ થઈ હોય, એ હિંદુ શ્રધ્ધાળુની આસ્થાને ઠેસ છે. જે પણ વ્યક્તિ મંદિરે જઈને યથાશક્તિ પ્રમાણે ભગવાનને દાન ધરાવી આવ્યો હશે એ ઠગાઈ ગયેલો મહેસૂસ કરશે. સવાલ અહી નાણાકીય નથી, ભાવનાત્મક છે. જેણે પાંચ રૂપિયા પ્રભુચરણમાં ધર્યા છે એ અને જેણે પાંચ કરોડ ધર્યા છે એ બંને આહત હશે.

જે લોકોએ ચોરી કરી છે, અને જે લોકો ચોરી કરનારને છાવરી રહ્યા છે, એ લોકો એ વાત ભૂલી રહ્યા છે કે હિંદુઓ પોતાના પ્રભુનું થયેલું અવમાન કે અપમાન પાંચસો વર્ષ સુધી ભૂલ્યા નહોતા. રામવિરોધીઓના સામાછેડે વંશોના વંશો, પેઢીઓની પેઢીઓ ખતમ થઈ ગઈ, પણ એ સ્થાનની હિંદુ આસ્થા મેરુ સમ અડગ રહી. જેમને રાજકીય સ્થાનેથી આ શ્રધ્ધાને રોકવાનો પ્રયત્ન કર્યો, એ બધાની રાજકીય કારકિર્દી ખતમ થઈ ગઈ, એ રાજકીય પરિવારવાદ ખતમ થઈ ગયો. જેણે પોતાના એજન્ડામાં વર્ષો સુધી રામમંદિરનો મુદ્દો રાખીને આ સિધ્ધિ મેળવવામાં હિંદુ આસ્થાને રાજકીય ઓથ આપી છે, હિન્દુઓએ તેમને સત્તા પર બેસાડ્યા છે. એ ભૂલવાની હિંમત કે ભૂલ ન કરવી જોઈએ કે એમને આજે મળેલી સત્તાનો રસ્તો વાયા આ રામમંદિર થઈને જ ગયો છે. એમનું સદનસીબ છે કે વિપક્ષો રામમંદિર વિરોધમાં એટલા આંધળા થઈને આગળ નીકળી ચુક્યા છે કે આ મુદ્દે એમના દ્વારા કરવામાં આવતી રાજનીતિ હવે એમને પાછા વજૂદમાં આણી શકે તેમ નથી. સત્તાપક્ષ માટે શુભ એ છે કે કારસેવકો પર ગોળીઓ ચલાવનારા આ મુદ્દો લઈને રાજનીતિ કરી રહ્યા છે. મંદિર નિર્માણ બાદ રામદર્શન માટે નહિ ગયેલા પ્રભુ શ્રીરામ વતી અને પક્ષમાં દલીલો કરી રહ્યા છે, જેના પર કમ સે કમ એ બાબતે તો પ્રજા વિશ્વાસ કરવાની નથી. પરંતુ સામે જો કોઈ સ્વચ્છ હિંદુ રાષ્ટ્રવાદી પાર્ટી હોત અને આ મુદ્દો લઈને રાજનીતિ કરત તો ભારે પડી શકે તેમ હતું.

સત્તા પક્ષે આજે ગોસ્વામી તુલસીદાસજીની મીરાને અપાયેલી સલાહને અનુસરવું પડશે. જે રામદ્રોહીઓ છે એમનો ત્યાગ કરવો પડશે. ચાહે તે ગમે તેટલી ઉંચી પોઝીશન પર કેમ ન હો. નહીતર લાલઘુમ આસ્થા પાંચસો વર્ષ બાદ પણ રાખમાંથી બેઠી થઈને એ સવાલ પૂછશે જે આજે તમે અનુત્તર રાખશો.

ક્વિક નોટ - व्जाके प्रिय न राम बैदेही,
तव्जिये ताहि कोटि बैरी सम, व्जदपि परम सनेही
तज्यो पिता प्रहलाद, विभीषण बंधु, भरत महतारी
बलि गुरु तज्यो कंत ब्रव्ज-बनितन्हिं, भए मुद-मंगलकारी
नाते नेह रामके मनियत सुहृद सुसेब्य व्जहां लौं
अंव्जन कहा आंखि व्जोहि फूटै, बहुतक कहौं कहाँ लौं
तुलसी सो सब भांति परम हित पूज्य प्रानते प्यारे
व्जासों होय सनेह राम –पद , एतो मतो हमारॉ ■

production@infiniumpharmachem.com

# હું બીજા દિવસથી જ સંન્યાસ આશ્રમમાં જવા લાગી




લઘુનવલકથા



યોગેશ પંડયા

આનંદના રૂમની બહાર છુપાઈને એક વ્યક્તિ અંદરની વાતો એક કાને સાંભળી રહી હતી કે ...

એ જ પળે ધર્મશાળામાં નીચેના માળે આવેલી આનંદની રૂમ સામેના દાદરા ના પગથિયાં ઉતરીને એક આધેડ પુરુષ આ તરફ આવતો ભાળ્યો કે ,ક્યારનીય બહાર ઊભા રહીને આનંદ - રૂપાની વાત સાંભળી રહેલી પેલી વ્યક્તિ પીલ્લર આડે સંતાઈ ગઈ.પેલો પુરુષ ઘડીક ત્યાં ઊભો રહ્યો અને પછી આનંદ ની રૂમ તરફ ચાલતો થયો..પેલી વ્યક્તિનું હૃદય જોર જોર થી ધડકી ઊઠ્યું..પરંતુ નસીબજોગે પેલા પુરુષનું મન ફર્યું હોય કે કદાચ ઈશ્વરનો સંકેત હોય.પણ એ પુરુષ આનંદના રૂમ તરફ જવાને બદલે દરવાજા ભણી વળ્યો.પેલી વ્યક્તિએ પીલ્લર આડેથી તેને દરવાજા ભણી જોતો જોયો અને તેના દિલને હાશ થઈ..એ પુરુષ હવે બહાર નીકળી ગયો હતો તેની પૂરી ખાતરી કર્યા પછી તે વ્યક્તિ પીલ્લર આડેથી બહાર આવી અને પછી ફરીથી અંદર થઈ રહેલી વાતો ધ્યાન દઈને સાંભળવા લાગી. રૂપા કહેતી હતીઃ

- જીંદગી તો બસ એમ જ ઢબૂરાતી ગઈ. પણ હવે રાધવ ભેગી કડિયા કામ નહોતી જાતી. ગામમાં છૂટક મજુરીએ જાતી.

ચેતનરામ મહારાજ ગામેગામ ભજન કરવા જતાં. આખ્યાન ગાવા જતા. રાત્રે હું એમના બા, સુમિત્રા મા, પડખે સૂઈ જતી.

ક્યારેક માથે હાથ ફેરવતા ત્યારે સુખનું પાવળું મળી જતું.પણ મારા ભાગ્ય તો જુઓ સાહેબ! બે ડગલાં આગળ ને આગળ જ ભાગતા હતા.

''કેમ? શું થયું વળી?'' આનંદ ચિંતિત સ્વરે પૂછી બેઠો.

''સુમિત્રા મા અચાનક ગુજરી ગયા!''

''ઓહ..!'' આનંદે મણ એક નો નિસાસો નાખ્યો:''અરે,ભગવાન!!''

''સુમિત્રા માં ને કશું જ નહોતું.નખમાં પણ રોગ નહીં.બસ,રાત્રે સુતા ઈ સૂતા,સવારે જાગ્યા જ નહીં!''

''અરે ,મારા રામ!''આનંદ નું હૃદય જાણે અત્યારે ભાંગી પડ્યું.:''પછી? પછી શું થયું રૂપા?''

''શું કરવું? ક્યાં જાવું? ક્યાં રહેવું? એ એક મોટો પ્રશ્ન મારી છાતી સામે આવીને ઊભો રહ્યો સાહેબ!''રૂપાએ પણ ફળફળતો નિશ્વાસ નાખીને વાત આગળ વધારી:...ચેતનરામ મહારાજને ય ધરમસંકટ થયું. કે હવે રહેવું કેમ? ભલે એ માણસ ચોવીસ કેરેટનું સોનું હતો પણ એક પુરૂષ હતો. નિર્દોષ હતો. નિર્વિકાર હતો. ભજનરસમાં ડૂબ્યો રહેતો પણ અમારા સંબંધ લોહીના તો નહોતા! સગા તો ભાઈ બેન નહોતા જ ને?...લોકો આંગળી ચિંધવાના જ હતા !

એટલે પછી મેં જ સામે ચાલીને અઠવાડિયા પછી કહ્યું: 'ભાઈ ઘર છોડીને નીકળું છું તારૂ...!' આવજે વીરા. તેં આટલા સમય બેનને સાચવી...'

'...એ ની આંખ છલકાઈ ગઈ. પણ મેં કહ્યું કે ગામને મોઢે ગળણું નહીં બંધાય અને તને અમથે અમથો વગોવી નાખશે. એના કરતા બહેતર એ છે કે હું નીકળી જાઉં.' અને હું નીકળી ગઈ.

- ઘણીવાર પાટે પડીને, દવા પીને, કે કૂવો પુરીને પંડયમાંથી પ્રાણ કાઢી નાખવાનો વિચાર આવતો પણ તમારી એક વાત મને હંમેશા આડી આવતી.

- તમે આપણાં ગામનાં ચંદુશેઠને ધંધામાં મંદી આવીને E વખતમાં એમના હજારો રૂપિયા ડૂબ્યા'તા અને અમારે ઘેર બેસવા આવ્યા હતા ત્યારે તમે કહ્યું હતું કે મોંઘો મનુષ્ય અવતાર કેટલાય જનમો પછી મળે છે શેઠ! નેળના ગાડા નેળમાં નથી રહેતા. સુખ દુઃખતો આવે ને જાય. જેમ, તડકા પછી છાંયા છે એમ દુઃખ પછી સુખની સવાર પડશેજ..! અને એ તમારી વાણીના પ્રતાપે ટકી ગયા. એટલે જ્યારે જ્યારે મને મરવાના વિચાર આળતા ત્યારે મને તમે યાદ આવી જતા!!

- કહાણી કરવા બેઠી છું તો કેટકેટલી વાતો યાદ આવે છે; સાહેબ, નકરી પીડાની ડેગરડી જ ચડીયું છે જીવતરની કાંધ માથે!

ચેતનદાસ મહારાજના ઘેરથી નીકળ્યા પછી ગામની પાછલીશેરીમાં એક બાલુમાના ઘરે રહી. એક ઓરડીમાં પડી રહેતી. એ ડોસોડોસી રહેતા.મને આશરો તો આપ્યો પણ બે રૂપિયા કમાવા તો ખરાને? એટલે પછી છૂટક દાડીયે જવા માંડી.

પણ એમાં એકવાર જાલમસંગ બાપુની વાડીએ ખડ નિંદવાની દાડીએ ગઈ. બપોરીવેળા હતી. કોઈ નહોતું. ખડ નિંદતી હતીને જાલમસંગ બાપુએ મારું ઓઢણું ખેંચ્યું.

મેં કહ્યું: 'તમારી ગા! મૂકી દો.'

''એ બોલ્યો : ''રૂપલી, બળજબરી કે અથરાઈ નથી વાપરવી નહિતર તો અટાણે ને અટાણે તું કયાંય મોઢું દેખાડવા લાયક રહી ન હોત. પણ પ્રેમથી સમજાવું છું કે મારી રખાત બનીજા.' મારે તારા જેવી સવળોટી કાયાની તરસ છે અને તારે જરૂર છે જીવતરના નિર્વાહની ! પણ એક વચન આપું છું કે તને હું રાજરાણી જેવું સુખ આપીશ. કદાચ હું નહીં હોઉં તોય દરમહીને મારા વારસદારો તરફથી તું જીવે ત્યાં લગી તને જીવાઈ મળતી રહેશે.'' હું સાવજના મોઢામાંથી સસલી છટકીને ભાગે એમ ભાગી છૂટી. પછી કોઈ દિવસ હું એની કે કોઈની વાડીએ દાડીયે ગઈ નથી....એમ કરતા સમાચાર મળ્યા કે સંન્યાસ આશ્રમમાં ગૌશાળા છે. ત્યાં એક બાઈની ખાસ જરૂર છે. હું બાપુને મળવા ગઈ તો બાપુએ કહ્યું : 'અચ્છા હૈ બેટી, કલસે આ જાના.'

હું બીજા દિવસથી જ સંન્યાસ આશ્રમમાં જવા લાગી.

આશ્રમના સંજવારી કચરા પોતા, ગૌશાળાનું વાસીદુ, ટેકરી ઉપર એમના ગુરૂનું મંદિર હતું. મંદિર વાળીચોળીને સાફ કરવાનું!

પણ મને આ કામ ખૂબ ગમતું. સંતોષ થઈ જતો. એક મહીનો, બે મહીના...જેવું થવા આવ્યું.એ દરમિયાન બાપુનો એક જૂનો ચેલો ભાવલો આવી ચડ્યો. બે ત્રણ દિવસ તો મને કંઈ ખ્યાલ ન આવ્યો પણ એક દિવસ તેની સામે નજર મળી તો તરત જ ખબર પડી કે એ બદનજરથી ખદબદતો હતો. પણ મારે શું? મારે તો કામથી મતલબ હતોને? પણ ,એકવાર એવું બન્યું કે કોઈ વાયક આવ્યું હતું તો બાપુ ચારપાંચ દિવસ ભંડારામાં ગયા હતા અને ભાવગર એકલો હતો. તે દિવસે બપોરે હું મંદિર ધોવા ગઈ તો એણે મને...

- પણ હું કશું જ ન બોલી.એણે કહ્યું કે તાબે થઈ જા.

- મેં કહ્યું કે પુરૂષ માત્રને એ જ જોઈએ છે. ભાવગર મહારાજ!

હું દર-બ-દર આથડી, ભટકીને ઠેસ ખાઈને અહીં આવી છું. મનમાં હતું કે બધેય કમળાં ના પીળાં રંગ છે બસ, એક આશ્રમ છે. ત્યાં સફેદ રંગ હશે પણ મને શું ખબર કે તમે પહેરેલા ભગવા રંગમાં જે ડાઘા છે. અને એ અત્યારે ધીરે ધીરે ભગવામાંથી બહાર ઉપસવા લાગ્યા છે. એક શ્રધ્ધા હતી આ ભગવા વેશઉપર.પણ હવે નથી.!! ઠીક છે, તમારે મારી કાયાને માણવી જ છે ને! વાંધો નહીં, માણી લો. પણ પછી પસ્તાવો ન થાય એ જોજો... કારણ કે કાયા ઉપર ભગવા ચડાવ્યે સાધુ નથી થઈ જવાતું. પણ મન પણ ભગવા રંગે રંગાયેલું હોવું જોઈએ. બાકી તો તમારામાં ને રાઘવામાં, તમારામાને જાલમસંગ બાપુમાં, તમારામાં ને બીજામાં ફેર શું? લો હાલો, લૂગડા કાઢુ જ છું. ભોગવી જ લો. એટલે તમારી આશના વાસના પુરી થાય. પછી કોઈ જીવનમાં અતૃપ્તિ રહે નહીં અને તપ પણ બરાબર થાય.

- એ પગલું પાછું હટી ગયો : ''મારી ભૂલ થઈ ગઈ મૈયા..''અને 'રામનામ'' લખેલો ખેસ મારી ઓઢણું કાઢી નાખેલી કાયા માથે ઓઢાડીને ચાલી નીકળ્યો.

- સાહેબ, આમને આમ થાકી ગઈ! પુરૂષની સામે લડતા લડતા, કાળની સામે લડતા લડતા! સૌ કોઈ પોતપોતાના ભૂતકાળને લઈને જીવે છે. પતિનો ભૂતકાળ, સુગંધી સંસારનો ભૂતકાળ...કોઈ સોહાગણ સ્ત્રીએ માણેલા સંસારના અનૂઠા રસનો ગુલાબી ભૂતકાળ !..પણ મારે તો ક્યાં કોઈ કાળ હતોજ?

ભૂતકાળેય નહોતો ને વર્તમાનકાળેય ક્યાં હતો?

- હા, એક ભૂતકાળ... થોડાક દિવસોનો. તમારી સાથે ગાળ્યો માણ્યો, જીવ્યો અને અનુભવ્યો. એજ બસ..!પણ એ કાળ નહોતો કેટલીક ક્ષણો હતી સુખની. પણ-સૌભાગ્યવંતી થઈને ભોગવેલી ક્ષણો ક્યાં હતી?

'હા...રૂપી...એ તો એક જીવન માટે મમળાવવાનો સાકરનો ટુકડો છે. બાકી તો તને જે કડવા ઘૂંટડા મળ્યા છે એવા ઘૂંટડા મનેય પીવા મળ્યાં જ છે.'

આનંદે ઊંડો શ્વાસ લીધો. આંખો બંધ થઈ અને એની બંધ આંખોમાં ભૂતકાળના પંખી પાંખો ફફડાવી રહ્યા. રૂપી અને પોતે છુટા પડ્યા પછી પોતેય ક્યાં સુખ પામ્યો હતો? નકરી બળતરા સાથે જ જીવ્યો હતો. અસત્યના આશરા લઈ દોષારોપણ પોતા ઉપર થતું હતું અને એ અસત્યને સત્ય ઠેરવી શકતો નહોતો! રોજેરોજ નવા નવા દોષના ટોપલા માથે ખડકાતા હતા. પત્નીને એણે કેટલાય ખુલાસા કર્યા હતા પણ એ માનવાને જ તૈયાર નહોતીને? બસ, પોતે લાચાર બનીને જીવતો હતો. (ક્રમશઃ) ■

# બપોરના સવાચાર વાગે દામલની આંખ ઉઘડી




ધારાવાહી નવલકથા



અમૃત પરમાર

હવે... ઘરમાંથી ઝડપથી બહાર નીકળવાની સાથે જ શાંતુએ હાશ... થઈ હતી. તેના કપાળ પર જામી ગયેલાં પરસેવાનાં ઝીણાં બિંદુઓને હાથ રૂમાલ વડે લૂછતાં તે ધીમે ધીમે સ્કૂલ તરફ પેદલ ચાલવા લાગી. અચાનક આવું થતાં શાંતુ વિચારવા લાગીઃ મને આવું બધું, આ ગભરાટ, આવો પસીનો કેમ થવા લાગ્યો...?

ને ત્યાં તો સ્કૂલ આવી જતાં તે... દરવાજામાં દાખલ થઈ ગઈ.

આ તરફ દામલને પેપર વાંચવામાં લગભગ અર્ધો કલાક જેવો સમય થયો. હવે તેને આંખો પર થોડું થોડું ભારેપણું આવવું શરૂ થયું હતું. એટલે પેપરને એક બાજુ મૂકી દઈ, થોડું પાણી પી લઈ પછી એક તરફ આડું પડખું રાખી તેણે તેની આંખો બંધ કરી દીધી.

બપોરના સવાચાર વાગે દામલની આંખ ઉઘડી. તે ઉભો થયો ને ઠંડા પાણીથી મોઢું ધોયું. થોડો સ્વસ્થ થયો. આજની અત્યારની ઊંઘ આજે તેના માટે ખૂબ જ વિચિત્ર રહી હતી. ટૂંકા સમયમાં આવેલાં અસંખ્ય તૂટક તૂટક સપનાંનાં દ્રશ્યો હજી પણ તેની આંખો સામે સ્પષ્ટ રીતે દેખાઈ રહ્યાં હતાં.

હવે બેડરૂમમાંથી બહાર નીકળી તે બેઠકરૂમમાં આવ્યો. થોડીવાર માટે સોફામાં બેઠો. વળી ત્યાં પણ તેને કંટાળો આવ્યો એટલે તે ઉભો થયો ને લોબીમાં આમ-તેમ આંટા મારવા લાગ્યો. એ ચાલતો હતો ત્યાં જ અચાનક દામલની નજર મહેશના રૂમ પર સ્થિર થઈ. એ રૂમનું બારણું થોડું ખુલ્લું હતું. એટલે ત્યાં જઈ દામલે બારણું પૂરેપૂરું ખોલ્યું ને જરા પણ ઈચ્છા ન હતી તો પણ તે રૂમની અંદર દાખલ થયો. જોયું તો આખા રૂમમાં બધું જ અસ્તવ્યસ્ત પડ્યું હતું. આવું જોતાંની સાથે જ દામલે મોઢું બગાડી રૂમમાંથી બહાર નીકળવા પાછો ફર્યો, એ જેવો પાછો ફર્યો એ સાથે જ તેની આંખો ખુલ્લી રહી ગઈ. કારણ કે દરવાજા પર ખીંટીમાં એક સરસ મજાનું સાવ નવું કિંમતી લેડીઝ પર્સ લટકતું તેણે જોયું.

આ લેડીઝ પર્સ જોતાં જ દામલનું મગજ ચમક્યું. તેને ખબર હતી કે પોતાની પત્ની શાંતિ આવા પર્સની તો શૌખીન હતી, પરંતુ આવા સજ્જન અને સારા ઘરના છોકરા મહેશ પાસે આવું લેડીઝ પર્સ...? આ પર્સ તેની પાસે ક્યાંથી આવ્યું હશે...?

મહેશને આવા પર્સની જરૂર શી? એકી સાથે અસંખ્ય પ્રશ્નો દામલને ખૂબ સતાવ્યા કર્યા. આમ વિચાર્યા પછી તો તેને અનેક શંકાઓ પણ થવા લાગી. પરંતુ આવા ઉદ્દભવેલી શંકાનું સમાધાન ન થયું. એટલે તો તે ખૂબ જ કંટાળી ગયો.

મહેશના રૂમમાંથી બહાર નીકળીને તે પાછો બેઠકરૂમમાં આવી સોફામાં બેઠો. આમ સાંજના પાંચ થયા. હવે તે ઉભો થયો, માથું-મોઢું બરાબર કરી તે ડેલા બહાર નીકળ્યો. સીધો પાનના ગલ્લે જઈ, ફૂલ તેજ તમાકુવાળું પાન મોંઢામાં મૂકી ફરી તે આગળ આગળ ચાલવા જ લાગ્યો. ખુલ્લી સડક પર ક્યાંય સુધી દૂર દૂર ચાલતો રહ્યો. ત્યારે તેના દિમાગમાં ન જાણે અનેક વિચારો ચાલવા જ રહ્યા. કલાક સુધ્ધા બસ તે સતત ચાલતો રહ્યો. પછી અચાનક તે ઉભો રહ્યો ને જોયું તો પોતે ઘણો દૂર નીકળી ગયો હતો. બસ, હવે તે અહીંથી પાછો ફર્યો અને ઘર તરફ આવવા લાગ્યો.

જેવો એ ઘરે પહોંચ્યો બરાબર ત્યારે જ શાંતિ પણ ઘરમાં દાખલ થઈ. બંનેની નજર ઓચિંતા જ સામે સામે મળી એટલે મધુર સ્મિત થયું ને શાંતિ બોલીઃ ''વોકિંગ કરીને આવ્યો...?''

''હા, આજે વધારે વોકિંગ થઈ ગયું...'' દામલે વાત કરતાં કહ્યું.

''કેમ...? એવું કેમ થયું?' શાંતિએ પૂછ્યું.

''કોણ જાણે કેમ... વિચારોમાં ને વિચારોમાં બસ ચાલતો જ રહ્યો, ચાલતો જ રહ્યો...''

''એવું કેમ થયું? આ સારું ન કહેવાય, થોડું ધ્યાન તો રાખવું જ પડે.''

''સાલુ આ ધ્યાન રાખવાનું તો પરિણામ છે, શાંતિ...''

''તું આવું કેમ બોલે છે? મને તારી ભાષા સમજાઈ નહીં...''

''બેસ...'' સોફા પર બેસતાં દામલે શાંતિને પણ બેસવા કહ્યું ને આગળ બોલ્યો; અહીં મારી પાસે બેસ, હું તને સમજાવું. તું સ્કૂલે ગઈ પછી બપોરના રોજની જેમ હું સાવ એકલો હતો. ઘરમાં કોઈ હતું નહીં. બપોરે દોઢ વાગે હું જમ્યો. પછી આરામ કરવા બેડરૂમમાં ગયો. પેપર પણ વાંચ્યું. થોડીવાર આંખ મળી. પછી ઉભો થયો ને આપણી લોબીમાં એમજ ચાલતો હતો.

(ક્રમશઃ) ■

# રામના ભીતરી યુદ્ધોની તો અકથિત એક અલગ જ રામાયણ છે



સપ્તરંગ

દિલીપ ભટ્ટાચાર્ય

બુધ્ધને કે મહાવીરને કદી એવો વિચાર પણ ન આવ્યો કે જેના કલ્યાણ માટે તેઓ તપ કરે છે એ માણસજાતમાં કોઈ પાત્રતા નથી. તેમણે યોગ્યતા જોયા વિના સહુની ઉપર અમૃત વર્ષા કરી અને એમ લાખો લોકો ધન્ય થયા. જેમણે કારણે કે અકારણે બીજાઓનું સદાય કલ્યાણ જ કરવું છે એમનું એકાંત મહાન સાધુપુરુષો કે ઈન્દ્રાદિક દેવો જેવું વિશુધ્ધ હોય છે. રામ એમના અવતારના આયુષ્યકાળમાં જેટલા યુધ્ધ બહાર લડ્યા છે એનાથી ક્યાંય અધિક યુધ્ધ તો તેઓ પોતાની ભીતર લડ્યા છે. અને રામના ભીતરી યુધ્ધોની તો અણકથિત એક અલગ જ રામાયણ છે. એ જ રીતે આપડે દરેક મનુષ્યો પણ મનના મોરચે એક સાથે અનેક જંગ છેડી બેઠાં હોઈએ છીએ.

એ હદ અને સરહદ જ્યાં સુધી શાંત ન થાય ત્યાં સુધી અનહદમાં કેમ પ્રવેશ થાય ? અને અનહદને ઓળખ્યા વિના એકાંત વિશુધ્ધરૂપે માણી શકાતું નથી.

અનેક લોકો વાનરવૃત્તિથી એકાંતે પોતાના ઘા પર જ નખ ફેરવે છે ને એ રીતે જગતે આપેલા ઘા ને જાતે જ વધુ ગહેરો કરે છે. વાનરને ક્યાંય ઈજા થાય તો પછી એનું મૃત્યુ નિશ્ચિત હોય છે. કારણ કે જરાક જેટલી ઈજાને એ ભીષણ અને વિકરાળ બનાવી મૂકે છે. અભાવો અને આઘાતોને મમળાવતી કે ચોકલેટની જેમ ચગળતી વ્યક્તિએ પતન માટે કોઈ ઠેશ ખાવાની જરૂર નથી કારણ કે એ સ્વયંથી જ સ્વયંને પછાડે છે. એવા લોકોને શત્રુની પણ જરૂર હોતી નથી. એની સામે એક વર્ગ એવો છે જે એકાંતે તરંગોમાં જ વિહાર કરે છે. વિચાર અને તરંગમાં તફાવત છે. તરંગો જે રીતે ઉછળે એ જ રીતે પાછા શમી જાય. તરંગો આવે અને જાય. પરંતુ વિચારમાં અખંડ શક્તિ છે. એટલે જ કહેવાય છે કે કોઈ પણ શુભ વિચારને આ બ્રહ્માંડની શક્તિનું સમર્થન મળે છે.

આજે એકાંતમાં જે ચિંતવન કરો એ જ આગળ જતાં તમારા ચિત્તવન પર છવાઈ જાય છે. આજના વિચારો આપણી આવતીકાલને ઘડે છે. લોકો આવતીકાલ માટે બહુ સારી કલ્પના ને ચાહના ભલે રાખે પરંતુ એને અનુરૂપ જો તેઓનો વિચારલોક ન હોય તો એક પણ સપનું સાકાર થતું નથી. કેટલાક લોકો એમ માને છે કે વિચારથી શું.? પરંતુ ખરેખર તો વિચાર જ ઘટનાઓમાં રૂપાંતરિત થવાના હોય છે. એકાંતનો જેને અનુરાગ હોય એ સાધુતાના રસ્તે આગળ ધપી શકે. ખરા સાધુને કોઈનોય સંગ ન ખપે. ન શિષ્યોનો કે ન ગુરુજનોનો. હિમાલયમાં આજે પણ અનેક એવા અસંગ સાધુઓ છે. જે એકાંતનું જ પાન કરે છે.

આપણે માટે એકાંત એટલું સુગમ નથી. લોકો ટ્રેનના પ્રવાસમાં પણ શાન્તિથી બેસી શકતા નથી. ગમે તેની સાથે વાતોના તડાકા ચાલુ કરી દે છે. કેટલાક લોકોને કોઈ પણ કામકાજ વિના જુદા જુદા લોકોને ફોન કરીને વાતોના વડા બનાવવામાં એટલો રસ હોય છે કે તેમના પગ નીચેથી સાપ પસાર થતો હોય તો પણ એમનું ધ્યાન ન પડે. જે રીતે ઘરનો ભૂખ્યો આ દુનિયામાં ક્યાંય ધરાય નહિ એ રીતે જાતના દુઃખ્યા ગમે તેટલા બહાર ભટકે પણ એમ સુખ કંઈ પારકે ટોડલે ટિંગાયેલું જડવાનું હોતું નથી. માણસ જાત બહુ જ અજબ છે. પહેલા અભિમાન પછી એમાં ભૂલ અને પછી એનો દોષ બીજાને આપવાની પ્રયુક્તિ. ખરેખર આ સંસારમાં વિવેક જેવું ટોનિક એકેય નથી. રોજ સવારે એક એક ચમચી મગજની માલિપા ઉતારીએ તો આખો દિવસ લીલ્લોછમ થઈ જાય. પણ એકાંતની ઉપાસના વિના વિવેકનો અંતઃકરણે પ્રાદુર્ભાવ થવો આસાન નથી.

નડિયાદમાં પૂજ્ય મોટાએ આખા ગુજરાતને એકાંતનો બોધ આપ્યો. તેઓ પોતે એકાંતના અખંડ ઉપાસક. એમને કારણે ઘણા લોકો એકાન્ત તરફ વળ્યા. એકાંતનો બીજો એક ઉપાય મૌન પણ છે. બધા વચ્ચે હો તો પણ મૌન જ તમને ટોળા વચ્ચેય એકાંત આપે. કેટલાક લોકો મૌન રહે અને પાટીપેન સાથે રાખે. આખો દિવસ એમાં લખલખ કરે. આવા નાટ્યાત્મક એકાંતનો કોઈ અર્થ નથી. મૌન તો છે જ મનને શાંત કરવા માટેની ઔષધિ. હવે જો તમારી લખાપટ્ટી ચાલુ જ રહેવાની હોય તો એ એક પ્રકારની લિખિત બકબકાવલિ જ છે. ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# નરેશભાઈ પટેલના ૬૧માં જન્મદિવસે ગુજરાત સહિત ૧૦૦થી વધુ સ્થળોએ મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

રાજકોટ,તા.૧૧



ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના પ્રણેતા નરેશભાઈ પટેલના જીવનના ૬૧ વર્ષ પૂર્ણ કરી ૬૨મા વર્ષમાં મંગળ પ્રવેશના અવસરે ખોડલધામ ટ્રસ્ટ અને સદજ્યોતા ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટના સંયુક્ત ઉપક્રમે ભવ્ય સેવાનો મહોત્સવ ઉજવાયો હતો. આ નિમિત્તે રાજકોટ, ગુજરાત તેમજ મુંબઈ, ચેન્નાઈ અને મધ્યપ્રદેશ સહિત ૧૦૦થી વધુ સ્થળોએ મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયા હતા, જેમાં હજારો રક્તદાતાઓએ આપેલું અમૂલ્ય રક્ત થેલેસેમિયાગ્રસ્ત બાળકો અને જરૂરિયાતમંદ દર્દીઓની સહાય માટે વિવિધ બ્લડ બેંકોમાં જમા કરાવાયું છે. નરેશભાઈ પટેલે રાજકોટના ત્રણ કેન્દ્રો પર રૂબરૂ હાજરી આપી તમામ રક્તદાતાઓ અને આયોજકોનો આભાર માન્યો હતો. આ સાથે જ નિર્માણાધીન ખોડલધામ કેન્સર હોસ્પિટલ ખાતે વૃક્ષારોપણ, આશ્રમોમાં ભોજન, ગાયોને ઘાસચારો તેમજ નિકાવા અને ખરેડીમાં સર્વરોગ નિદાન-ચિકિત્સા કેમ્પ જેવા અનેકવિધ સેવાકાર્યો દ્વારા આ દિવસની પ્રેરણાદાયી ઉજવણી કરવામાં આવી હતી.

**વંથલી ખાતે યોજાયેલા માર્ગદર્શન સેમિનાર**

# ગ્રામસભા માત્ર કાગળ પર નહીં, જમીન પર યોજવા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયાની સૂચના

જૂનાગઢ,તા.૧૧



જૂનાગઢ જિલ્લાના પ્રવાસે આવેલા કેન્દ્રીય શ્રમ અને રોજગાર તેમજ યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ વંથલી ખાતે યોજાયેલા માર્ગદર્શન સેમિનારમાં સ્થાનિક વહીવટી તંત્ર અને લોકપ્રતિનિધિઓની કામગીરીની સમીક્ષા કરી હતી. આ દરમિયાન તેમણે ગ્રામીણ સ્તરે ચાલી રહેલી કેટલીક વહીવટી પ્રક્રિયાઓ અંગે અસંતોષ વ્યક્ત કરતા કડક શબ્દોમાં ટકોર કરી હતી. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે ગ્રામસભાઓ માત્ર કાગળ પર દર્શાવવાને બદલે વાસ્તવિક રીતે યોજાવી જોઈએ. તેમણે ઘેડ પંથકમાં સર્જાતી પૂરની પરિસ્થિતિ અંગે પણ ચર્ચા કરી અને લોકોની સમસ્યાઓના ઝડપી નિરાકરણ પર ભાર મૂકચો હતો.

ઉપરાંત કેશોદ એરપોર્ટના આધુનિકીકરણ, રનવે વિસ્તરણ અને નવા ટર્મિનલ સહિતના વિકાસ કાર્યોની માહિતી આપતા તેમણે જણાવ્યું કે વર્ષ ૨૦૨૭ સુધીમાં કેશોદ એરપોર્ટ પર એરબસ અને બોઈંગ જેવા મોટા વિમાનોની અવરજવર શરૂ થશે.

# વિદ્યાર્થી પાસે દારૂ મંગાવતા ઉનાના ખાપટ પ્રા.શાળાના શિક્ષક સસ્પેન્ડ

ઉના,તા.૧૧



ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાની ખાપટ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થી પાસે વિદેશી દારૂ મંગાવવાના ગંભીર આરોપમાં શિક્ષક હરેશગિરી ગોસ્વામીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરાયા છે. શાળાના આચાર્ય દ્વારા કરાયેલી ફરિયાદના આધારે પોલીસે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી. શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાના આદેશ બાદ આરોપી શિક્ષકની ધરપકડ કરવામાં આવી હતી. ઘટનાને લઈને શિક્ષણ જગતમાં ભારે ચર્ચા જાગી છે.

# રાજયની નવી ૯ મહાનગરપાલિકાઓના વિકાસ માટે જમીનની વિનામૂલ્યે ફાળવણી

ગાંધીનગર,તા.૧૧



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતની નવ નવી રચાયેલી મહાનગરપાલિકાઓના સર્વાંગી વિકાસ માટે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. અગાઉ 'અ' વર્ગની નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બનેલી વાપી, મહેસાણા, પોરબંદર, મોરબી, ગાંધીધામ, નડિયાદ, આણંદ, નવસારી અને સુરેન્દ્રનગર હાલ ટ્રાન્ઝિશન ફેઝમાંથી પસાર થઈ રહી છે અને તેમની હદમાં પણ મોટો વિસ્તાર ઉમેરાયો છે. શહેરી જનતાને ઝડપી અને ગુણવત્તાસભર પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે માટે આગામી પાંચ વર્ષ સુધી ૧૧ જેટલા જાહેર હિતના આવશ્યક પ્રોજેક્ટ્સ માટે સરકારી જમીન વિનામૂલ્યે ફાળવવામાં આવશે.આ નિર્ણય હેઠળ નગર સેવા સદન, ફાયર સ્ટેશન, સુએઝ અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ભૂગર્ભ ગટર, પંપિંગ સ્ટેશન, પાણી પુરવઠાના કામો, સોલિડ અને લિક્વિડ વેસ્ટ મેનેજમેન્ટ, સ્ટોર્મ વોટર ડ્રેનેજ, આંગણવાડી, ટાઉન હોલ, કોમ્યુનિટી હોલ અને કન્વેન્શન સેન્ટર જેવા મહત્વના પ્રોજેક્ટ્સ માટે જિલ્લા કક્ષાએ જ જમીન ફાળવણીની પ્રક્રિયા સરળ બનાવી દેવાઈ છે. આ દૂરોગામી નિર્ણયથી બેઝિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસિલિટીઝનું નિર્માણ ઝડપથી થશે અને શહેરી વિકાસના કામોને નવી ગતિ મળશે.

# ઉનાના વાંસોજ ગામે દીપડો પાંજરે પુરાતા હાશકારો

ઉના,તા.૧૧



ઉના તાલુકાના વાંસોજ ગામની સીમ વિસ્તારમાં દીપડાના આંટાફેરાથી વાડી વિસ્તારમાં વસવાટ કરતા લોકોમાં ભયનો માહોલ હતો. આ દીપડો ગત રાત્રિના સમયે લોકડીપા સીમ શાળા નજીક મૂકવામાં આવેલા પાંજરામાં પુરાઈ ગયો હતો.આ અંગે જસાધાર રેન્જના RFO કે.સી. ચૌહાણને જાણ કરવામાં આવતા, તેમણે તાત્કાલિક દીપડાને પકડવા માટે કાર્યવાહી હાથ ધરી હતી. વિદ્યાર્થીઓ અને સ્થાનિક લોકોની સલામતી જળવાઈ રહે તે હેતુથી સીમ શાળાની બાજુમાં શિકાર સાથેનું પાંજરું ગોઠવવામાં આવ્યું હતું.

# વરતેજ પોલીસ મથકની હદમાંથી રૂ.૪.૩૦ કરોડની કિંમતનું એંબરગ્રીસ પકડી પાડતી સ્ટેટ મોનીટરીંગ સેલ


અમરેલી,તા.૧૧



ભાવનગર જિલ્લાના વરતેજ પોલીસ મથકની હદમાં આવેલા બુધેલગામ પાસે સ્ટેટ મોનીટરીંગ સેલના પી.આઈ. આર.કે. કરમટાની ટીમે રેઈડ પાડીને રૂ.૪.૩૦ કરોડની કિંમતનું ૦૪ કિલો ૩૦૬ ગ્રામ પ્રતિબંધિત એંબરગ્રીસ (સ્પર્મવ્હેલ માછલીની ઉલ્ટી) ઝડપી પાડ્યું હતું. પોલીસે અન્ય સામગ્રી સહિત કુલ રૂ.૪,૩૧,૬૦,૧૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ગુનામાં સંડોવાયેલા ઈમરાન પરમાર, સાજીદખાન પઠાણ, ફૈજાન મધરા અને સબ્બીર સૈયદની અટકાયત કરી વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ કાર્યવાહી માટે વરતેજ પોલીસને સોંપાયા છે. પૂછપરછમાં બહાર આવ્યું કે ભાવનગરના અભિષેક રાઠોડ અને ભરત ભરવાડે આ જથ્થો વેચવા માટે કમિશનની શરતે આપ્યો હતો, જે બંને આરોપીઓને પકડવાના બાકી છે. વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ-૧૯૭૨ મુજબ સ્પર્મવ્હેલ માછલીને સર્વોચ્ચ રક્ષણ મળેલ છે. આ એંબરગ્રીસનો ઉપયોગ ઉચ્ચ ગુણવત્તાના અત્તર, ધૂપ, સુગંધિત તેલ અને દવાઓમાં થતો હોવાથી તેની આંતરરાષ્ટ્રીય બજારમાં કરોડો રૂપિયાની કિંમત ઉપજે છે.

# INS મહેન્દ્રગિરિ ભારતીય નૌકાદળમાં સામેલ, દરિયાઈ સુરક્ષાને મળશે વધુ મજબૂતી

વિશાખાપટ્ટનમ,તા.૧૧



આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ નેવલ ડોકયાર્ડ ખાતે રક્ષા મંત્રી રાજનાથ સિંહના હસ્તે INS મહેન્દ્રગિરિને ભારતીય નૌકાદળમાં સત્તાવાર રીતે કમિશન કરવામાં આવ્યું હતું. પ્રોજેક્ટ-૧૭A હેઠળ તૈયાર થયેલું આ નીલગિરિ શ્રેણીનું છઠ્ઠું સ્ટેલ્થ યુધ્ધ જહાજ છે. મહેન્દ્રગિરિમાં ૭૫ ટકાથી વધુ સ્વદેશી ટેકનોલોજી, સાધનો અને આધુનિક સિસ્ટમોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ જહાજ હવાઈ હુમલા, દુશ્મનના જહાજો તેમજ સબમરીન સામે એકસાથે કાર્યવાહી કરવાની ક્ષમતા ધરાવે છે.

રાજનાથ સિંહે જણાવ્યું કે આ જહાજ હિંદ મહાસાગર વિસ્તારમાં ભારતની દરિયાઈ સુરક્ષાને વધુ મજબૂત બનાવશે.

તેમણે આંધ્રપ્રદેશના કુર્નૂલમાં વિકસાવવામાં આવી રહેલી ડ્રોન સિટીની પણ માહિતી આપી અને કહ્યું કે ભવિષ્યમાં કુર્નૂલ દેશના મહત્વપૂર્ણ ડ્રોન હબ તરીકે ઓળખાશે.

# બાબરામાં ખોડલધામના ચેરમેન નરેશભાઈ પટેલના જન્મ દિવસ નિમિતે રક્તદાન કેમ્પ યોજાયો

બાબરા, તા. ૧૧



બાબરામાં ખાતે ખોડલધામના ચેરમેન નરેશભાઈ પટેલના જન્મ દિવસ નિમિત્તે બાબરા શહેર અને તાલુકા ખોડલધામ સમિતિના સયુંકત ઉપક્રમે મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દરેક સમાજના લોકો તેમજ વી. એલ. ગેલાણી વિધાલયના સ્ટાફ તેમજ સ્થાનિક યુવક મંડળ તેમજ અન્ય સેવાકીય સંસ્થાઓ અને અગ્રણીઓ દ્વારા રકતદાન કરવામાં આવ્યું હતું

આ કાર્યક્રમમાં માજી ધારાસભ્ય બાવકુભાઈ ઉંધાડ, મહેશભાઈ ભાયાણી, ડો. કેયુર કોટડીયા, બીપીનભાઈ રાદડિયા, નગરપાલિકા પૂર્વ પ્રમુખ પ્રવિણભાઈ કરકર, પ્રમુખ રમેશભાઈ પરવાડિયા, યગ્નેશભાઈ શુક્લ, ભરતભાઈ રંગપરા, નીલેશભાઈ શીયાણી, જગદીશભાઈ નાકરાણી, કાળુભાઈ ગેલાણી, લોહાણા સમાજના પ્રમુખ તેજાભાઈ કારીયા, વેલનાથ પ્રગતિ મંડળના અગ્રણી સુરેશભાઈ ધાખડા, ખોડલભાઈ મકવાણા, મુકેશભાઈ પીપળવા, દિનેશભાઈ ડાભી, કિશનભાઈ શેલિયા, રણમલભાઈ કોઠીવાળ,ભરતભાઈ રાદડિયા, મગનભાઈ કોઠીયા, અશોકભાઈ રાખોલીયા, મનસુખભાઈ પાંભર, ભાવેશભાઈ કાસોદરિયા, મયુરભાઈ રાવલ, ચન્દ્રકાંત દેસાઈ, વાંડળીયાના સરપંચ લલિતભાઈ વેકરિયા, વેપારી અગ્રણી અશ્વિનભાઈ ટાઢાણી, સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહી રક્તદાન કરી કાર્યક્રમને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા બાબરા શહેર ખોડલધામ સમિતિના પ્રમુખ ધર્મેશ વાવડીયા તેમજ તાલુકા ખોડલધામ સમિતિના પ્રમુખ શંભુલાલ પાંચાણીના માર્ગદર્શન હેઠળ સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

# ધોરાજીમાં ભાદર કેનાલ પાસે બાવળ કાપનારા પાંચ લોકોને પકડીને ૬૦ હજારનો દંડ ફટકાર્યો

ધોરાજી,તા.૧૧



તસવીર : નયન કુહાડીયા

ધોરાજીનાં ભાદર કેનાલ પાસે તાજેતરમાં ત્રણ બાવળ ગેરકાયદે રીતે કાપવામાં આવ્યા હતા. આ અંગેની જાણ ધોરાજી ફોરેસ્ટ વિભાગને થતાં ફોરેસ્ટ ઓફિસર નિહારીકાબેન પંડયા અને તેમની ટીમ દ્વારા ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ ગુનામાં જુનાગઢનાં અલગ અલગ ગામનાં કુલ પાંચ વ્યક્તિઓને પકડીને વન વિભાગ અધિનિયમ હેઠળ ગુનો નોંધી અને આગળની કાર્યવાહી કરવામાં આવેલ અને તેમની પાસેથી રૂ. ૬૦,૦૦૦ દંડ પેટે વસુલાત કરવામાં આવેલ.

# ઉનામાં પોલીસે રૂ. ૨.૭૦ લાખથી વધુ કિંમતના ગુમ થયેલા ૧૬ મોબાઈલ ફોન શોધીને માલિકોને સોંપ્યા

ઉના,તા.૧૧



તસવીર : કૈલાશ ભટ્ટ

ઉના પોલીસ વિભાગ દ્વારા 'તેરા તુજકો અર્પણ' અભિયાન અંતર્ગત એક ખૂબ જ સરાહનીય અને પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે. પોલીસની ખાસ સર્વેલન્સ ટીમે આધુનિક ટેકિનકલ તપાસ અને સતત સઘન પ્રયાસોના આધારે જુદી-જુદી જગ્યાએથી ગુમ થયેલા કુલ ૧૬ કિંમતી મોબાઈલ ફોન શોધી કાઢવામાં મોટી સફળતા મેળવી છે. આ તમામ રિકવર કરાયેલા ફોન સત્તાવાર રીતે તેમના મૂળ અને સાચા માલિકોને પરત સોંપવામાં આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ જપ્ત કરાયેલા મોબાઈલ ફોનની અંદાજિત બજાર કિંમત આશરે રૂ. ૨,૭૦,૮૩૫ જેટલી થાય છે. ઘણા સમયથી ગુમ થયેલા અને આશા મૂકી ચૂકેલા પોતાના કિંમતી ફોન અચાનક પાછા મળતાની સાથે જ તમામ માલિકોના ચહેરા પર ખુશીની લહેર દોડી ગઈ હતી. માલિકોએ ઉના પોલીસ તંત્રની આ ત્વરિત અને નિષ્ઠાપૂર્વકની કામગીરીને મુક્ત મને બિરદાવી હતી અને હૃદયપૂર્વક તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજુલાના દાતરડી ગામેથી વરલી મટકાનો જુગાર રમાડતા બે ઝડપાયા

રાજુલા, તા. ૧૧

રાજુલાના દાતરડી ગામેથી વરલી મટકાનો જુગાર રમાડતા બે ઈસમો ઝડપાયા હતા. દાતરડી ગામથી આગળ આવેલી હુલાઈ કૃપા હોટેલ પાસે હાઈ-વે રોડ પરથી બુધાભાઈ બાલાભાઈ બલદાણિયા (ઉ.વ. ૩૨) તથા દિલીપભાઈ ધનાભાઈ ચૌહાણ (ઉ.વ. ૩૫) વરલી મટકાનો જુગાર રમાડતા રેઈડ દરમિયાન કુલ રોકડ રૂ. ૧,૦૫૦ના મુદામાલ સાથે ઝડપાયા હતા. ડુંગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એલ. ભેરડા વધુ તપાસ કરી રહ્યા છે.


## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર-**એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી)**, સરનામુ-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલી ના અમોના અસીલની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

(૧) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ભોરીંગડા ગામે ખેડુત ખાતા નં-૬૨૪ ની ખેતીના માલીકશ્રી સુવાગીયા દેવશીભાઈ લાલજીભાઈ ના સ્વતંત્ર નામે સ.નં-૮૦૯ (જૂનો સ.નં-૧૪૩ પૈકી ૧) ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૧-૧૧-૪૧, આકાર-૩.૮૫ વાળી ''પાટીવાળુ'' ખેતર તરીકે ઓળખાતી ખેતીની જુની શરતની જમીન હકપત્રક નોંધ નં.૧૭૮૨ થી તેઓના નામે નોંધાયેલ છે.

(૨) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ભોરીંગડા ગામે ખેડુત ખાતા નં-૬૨૮ ની ખેતીના માલીકશ્રી સુવાગીયા ભરતભાઈ દેવશીભાઈ ના સ્વતંત્ર નામે સ.નં-૮૧૦ (જુનો સ.નં-૧૪૩ પૈકી ૨) ક્ષેત્ર.હે.આરે.ચોમી. ૧-૧૬-૪૫, આકાર-૪.૦૦ વાળી ''ખારાવાળુ'' ખેતર તરીકે ઓળખાતી ખેતીની જુની શરતની જમીન હકપત્રક નોંધ નં.૧૭૮૩ થી તેઓના નામે નોંધાયેલ છે. સદરહુ જમીનના ૭/૧૨ માં કિસાન સેવા સહકારી મંડળી લી. રૂા.૧૨,૦૦,૦૦૦/- ના તારણમાં બોજો નોંધાયેલ છે. તે સિવાય રજુ કરેલ ૭/૧૨, ૮અ મુજબ અન્ય કોઈનો બોજો, ગીરો, હક નોંધાયેલ નથી.

ઉપરોક્ત જણાવ્યા મુજબના ખેડુત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણથી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોક્ત જણાવેલ જમીન ઉપર કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ (સાત) માં અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજુ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૭ (સાત) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામાં આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.


મારા અસીલની સુચના અને ફરમાઈશથી....

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**
**મો.નં.૯૮૯૮૩ ૧૩૮૯૪**

**સ્થળ:- લીલીયા**
**તારીખ:-૧૦/૭/૨૦૨૬**

# ખાડી પૂરની સમસ્યાના ઉકેલ માટે સુરતમાં મેગા ડિમોલેશન ડ્રાઈવ કરી દબાણો દૂર કરાશે

સુરત,તા.૧૧



સુરત શહેરમાં વારંવાર સર્જાતી ખાડી પૂરની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે વહીવટી તંત્રે કડક પગલાં લેવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી **Bhupendra Patel**ની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ સુરત મહાનગરપાલિકાએ ખાડીના પટમાં આવેલા ગેરકાયદે બાંધકામો અને દબાણો દૂર કરવા માટે મેગા ડિમોલિશન ડ્રાઈવ જાહેર કરી છે. આ કાર્યવાહી આગામી સોમવારથી શરૂ થશે. તાજેતરના સર્વેમાં ખાડીઓના કુદરતી પ્રવાહને અવરોધતા મોટા પાયે ગેરકાયદે દબાણો સામે આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ આવા દબાણોના કારણે ભારે વરસાદ દરમિયાન પાણીનો નિકાલ અટકે છે અને નીચાણવાળા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાય છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજન પટેલે કામગીરીમાં કોઈપણ પ્રકારની ઢીલાશ નહીં રાખવાની સૂચના આપી છે. તંત્રનું માનવું છે કે આ અભિયાન સફળ રહેશે તો સુરતમાં પાણી ભરાવા અને પૂરની સમસ્યામાં નોંધપાત્ર રાહત મળશે.

# જૂનાગઢ નજીક સોમનાથ જતી કાર ટ્રક પાછળ ઘૂસી જતા બનાસકાંઠાના ૪ લોકોનાં કરૂણ મોત

જૂનાગઢ, તા.૧૧



જૂનાગઢના મજેવડી બાયપાસ નજીક શનિવારે સર્જાયેલા ગોઝારા માર્ગ અકસ્માતમાં બનાસકાંઠાના એક પરિવારના ૪ સભ્યોના કરૂણ મોત નિપજ્યા છે. સોમનાથ ખાતે અસ્થિ વિસર્જન માટે જઈ રહેલી અર્ટિગા કાર રસ્તા પર ઉભેલી ટ્રકની પાછળ ધડાકાભેર ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો. ટક્કર એટલી ભયાનક હતી કે કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે કચડાઈ ગયો હતો. અકસ્માતમાં ૪ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે ૪ લોકો ઈજાગ્રસ્ત બન્યા છે. ઈજાગ્રસ્તોમાંથી ૨ની હાલત ગંભીર હોવાથી તેમને આઈસીયુમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. કારમાં સવાર એક બાળકનો ચમત્કારિક રીતે બચાવ થયો હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં જ ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ઈજાગ્રસ્તોને જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધી ટ્રક રસ્તા પર કેમ ઉભી હતી અને અકસ્માતના ચોક્કસ કારણોની તપાસ શરૂ કરી છે.

# સુરતમાં થયેલી નુકસાની માટે રાહત પેકેજ જાહેર કરવા સરકારની તૈયારી

સુરત,તા.૧૧



સુરત શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં તાજેતરમાં ઓચિંતા તૂટી પડેલા આભ અને પૂરના કારણે ભારે નુકસાની વેઠવાનો વારો આવ્યો છે. મુશ્કેલીની આ ઘડીમાં નાગરિકો, વેપારીઓ અને નાના ઉદ્યોગકારોને ફરી બેઠા કરવા માટે રાજ્ય સરકાર સંપૂર્ણપણે કટિબદ્ધ બની છે. કુદરતી આપદાના કારણે સુરતના જનજીવનને જે મોટો આર્થિક ફટકો પડ્યો છે, તેમાંથી લોકોને બહાર લાવવા માટે મુખ્યમંત્રી દ્વારા ખૂબ જ ટૂંક સમયમાં એક મોટું અને વિશેષ રાહત પેકેજ જાહેર કરવામાં આવશે. આ અંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરતમાં જાહેરાત કરી હતી.

# ભવસાગર ડેમનો ગેટ તૂટતાં ૧૦ ગામોમાં હાઈ એલર્ટ, લોકોને સલામત સ્થળે જવા સૂચના

ભાવનગર,તા. ૧૧



ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના રંઘોળા ગામ નજીક આવેલા ભવસાગર ડેમમાં તકનીકી ખામી સર્જાતા તંત્ર એલર્ટ બન્યું છે. ડેમના ૧૫ નંબરના ગેટને સંચાલિત કરતો મુખ્ય વાયર તૂટી જતાં ગેટ નીચે પડી ગયો હતો, જેના કારણે ડેમમાંથી પાણીનો પ્રવાહ અનિયંત્રિત રીતે નદીમાં છોડાવા લાગ્યો છે. ઉપરવાસમાંથી સતત પાણીની આવક વચ્ચે સર્જાયેલી આ ઘટનાને પગલે નીચાણવાળા વિસ્તારોમાં સાવચેતીના પગલાં લેવામાં આવ્યા છે.જિલ્લા પ્રશાસને રંઘોળા, દેવળીયા, લંગાળા, ઝાંઝમેર, પીપારળી, ધારૂકા, માલપરા, ડંભાળીયા, ચોગઠ તેમજ શિહોર તાલુકાના ભાણગઢ સહિત ૧૦ ગામોમાં હાઈ એલર્ટ જાહેર કર્યું છે. ગ્રામ પંચાયતો મારફતે લોકોને ચેતવણી આપવામાં આવી રહી છે. નદીના પટ અને કિનારાના વિસ્તારોમાં અવરજવર ટાળવા તેમજ જરૂરી જણાય તો સલામત સ્થળે ખસી જવા અપીલ કરાઈ છે.

# ઓપરેશન મ્યુઅલ હન્ટ ૨.૦માં ૨૫૦ કરોડથી વધુની સાયબર છેતરપિંડીનો પર્દાફાશ

ગાંધીનગર ,તા.૧૧

ગાંધીનગર સ્થિત સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા 'ઓપરેશન મ્યુઅલ હન્ટ ૨.૦' અંતર્ગત રાજ્યના વડોદરા, ભાવનગર, સુરત, પાટણ અને ગાંધીનગરમાં નોંધાયેલા પાંચ મોટા સાયબર ફ્રોડ કેસનો ભેદ ઉકેલવામાં આવ્યો છે. આ કાર્યવાહી દરમિયાન કુલ ૧૯ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં ખુલ્યું છે કે આરોપીઓના તાર દેશના ૨૧ રાજ્યોમાં નોંધાયેલા ૧૪૬ સાયબર ગુનાઓ સાથે જોડાયેલા છે. આ સમગ્ર કૌભાંડમાં ૨૫૦ કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડીના નાણાકીય વ્યવહારો સામે આવ્યા છે. આરોપીઓ નકલી તેમજ ભાડે મેળવેલા બેંક ખાતાઓનો ઉપયોગ કરીને છેતરપિંડીની રકમ ટ્રાન્સફર કરતા હતા. તેઓ બલ્ક બેંકિંગ સુવિધા મારફતે એકસાથે અનેક ટ્રાન્ઝેક્શન કરતા હતા. લોકોને **APK** ફાઈલ અને અન્ય એપ્લિકેશન ડાઉનલોડ કરાવી, ઈન્વેસ્ટમેન્ટ, ટ્રેડિંગ, ડિપોઝિટ અને **UPI** સંબંધિત લાલચ આપી છેતરપિંડી આચરવામાં આવતી હતી.

# પ્રેમ લગ્ન ગુનો નથી, પરંતુ યોગ્ય પસંદગી અને માતા-પિતાની સહમતી જરૂરી : નરેશભાઈ પટેલ

રાજકોટ,તા.૧૧




ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશ પટેલે પ્રેમ લગ્ન મુદ્દે મહત્વપૂર્ણ નિવેદન આપતાં જણાવ્યું કે પ્રેમ લગ્ન કરવું કોઈ ગુનો નથી, પરંતુ જીવનસાથીની યોગ્ય પસંદગી અને માતા-પિતાની સહમતી અત્યંત જરૂરી છે. તેમણે કહ્યું કે યુવાઓએ ઉતાવળમાં નહીં, પરંતુ સમજદારીપૂર્વક નિર્ણય લેવો જોઈએ અને પરિવારના માર્ગદર્શનને મહત્વ આપવું જોઈએ.

નરેશ પટેલે જણાવ્યું કે આ મુદ્દો માત્ર સિંગર યુવતીઓ પૂરતો મર્યાદિત નથી, પરંતુ દરેક ક્ષેત્રમાં કાર્યરત યુવતીઓ અને યુવકો માટે સારા મૂલ્યો તથા યોગ્ય માર્ગદર્શન જરૂરી છે. તેમણે સંગીત ક્ષેત્રે આગળ વધતી યુવતીઓને સ્વરકોકિલા **Lata Mangeshkar**ને આદર્શ માનવાની સલાહ આપી હતી.

તેમણે આ નિવેદન પોતાના ૬૧મા જન્મદિવસના અવસરે આપ્યું હતું. આ પ્રસંગે ખોડલધામ ટ્રસ્ટ અને સદજ્યોતા ચેરિટેબલ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ગુજરાત સહિત રાજ્ય બહાર ૭૫ સ્થળોએ મેગા બ્લડ ડોનેશન કેમ્પ અને વૃક્ષારોપણ કાર્યક્રમો યોજાયા હતા.

# રાજયમાં વરસાદી વિરામ: સિઝનનો ૨૪.૬૩% વરસાદ, નર્મદા ડેમ ૬૫% ભરાયો

અમદાવાદ,તા.૧૧



ગુજરાતમાં છેલ્લા બે દિવસથી ચોમાસાએ વિરામ લીધો છે, છતાં અત્યાર સુધીના વરસાદથી રાજ્યના જળાશયોમાં નોંધપાત્ર પાણીનો સંગ્રહ થયો છે. રાજ્યમાં સિઝનનો કુલ ૨૪.૬૩ ટકા સરેરાશ વરસાદ નોંધાયો છે, જ્યારે સરદાર સરોવર (નર્મદા) ડેમ ૬૫.૮૧ ટકા ભરાયો છે. રાજ્યના ૧૦ ડેમ હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં ભારે વરસાદની કોઈ શક્યતા નથી, જોકે કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. હાલ સુધી રાજ્યમાં ૨૨૩.૮૮ મિમી વરસાદ નોંધાયો છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે, જ્યારે કચ્છમાં સૌથી ઓછો વરસાદ થયો છે. રાજ્યના ૨૦૬ જળાશયોમાં સરેરાશ ૪૧.૧૨ ટકા પાણીનો સંગ્રહ છે. કૃષિ ક્ષેત્રે ખરીફ સિઝનમાં ૧૮.૫૪ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર પૂર્ણ થયું છે,

# ટેટ ફરજિયાતના નિર્ણય સામે શિક્ષકોમાં રોષ, ગાંધીનગરમાં વિરોધપ્રદર્શન

ગાંધીનગર,તા.૧૧



સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદા બાદ શિક્ષકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. શિક્ષણ સેવા સાથે જોડાયેલા તમામ શિક્ષકો માટે નોકરી ચાલુ રાખવા તેમજ બઢતી મેળવવા ટેટ પરીક્ષા પાસ કરવી ફરજિયાત કરવાના નિર્ણયના વિરોધમાં આજે ગાંધીનગરમાં મોટી સંખ્યામાં શિક્ષકો એકત્ર થયા હતા. રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા શિક્ષકોએ સરકાર સામે વિરોધ પ્રદર્શન કરી પોતાની માંગણીઓ રજૂ કરી હતી. અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, ભાવનગર અને જામનગર સહિતના વિસ્તારોમાંથી શિક્ષકો ગાંધીનગર પહોંચ્યા હતા. મોટી સંખ્યામાં ભેગા થયેલા શિક્ષકોને ધ્યાનમાં રાખી પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# ચાંદીપુરા વાયરસને લઈ હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં વધુ એક બાળકનું મોત

હિંમતનગર,તા.૧૧

સાબરકાંઠા, મહેસાણા અને ખેડા જિલ્લામાં ચાંદીપુરા વાયરસના કેસોને લઈને આરોગ્ય તંત્ર એલર્ટ બન્યું છે. હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન વધુ એક બાળકના મોત સાથે અત્યાર સુધીમાં કુલ ૫ બાળકોનાં મોત નોંધાયા છે. હાલમાં એક બાળક વેન્ટિલેટર પર સારવાર હેઠળ છે, જ્યારે એક બાળક સ્વસ્થ થતાં ડિસ્ચાર્જ કરવામાં આવ્યું છે. આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ ૧૭ શંકાસ્પદ કેસોમાંથી ૬ના રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં સર્વે, દેખરેખ અને જાગૃતિ અભિયાન તેજ કરવામાં આવ્યા છે. તબીબોએ વાલીઓને તાવ, ઉલટી જેવા લક્ષણો જણાય તો તાત્કાલિક સારવાર લેવા અપીલ કરી છે.જો જરૂરી હોય તો હું આ સમાચારને વધુ અખબારી શૈલીમાં ૮૦, ૧૦૦ અથવા ૧૨૦ શબ્દોમાં પણ તૈયાર કરી આપી શકું છું.

# જૂનાગઢમાં ગિરનાર પર્વત ચઢી રહેલા બાળકને સિંહે ફાડી ખાતા અરેરાટી

જૂનાગઢ,તા.૧૧



જૂનાગઢના ગિરનાર પર્વત પર આજે વહેલી સવારે દુઃખદ ઘટના સામે આવી હતી. ખેડા જિલ્લાના મહેમદાવાદ તાલુકાના મોડજ ગામથી યાત્રાએ આવેલા પરિવારના ૧૨ વર્ષના બાળક પર સિંહે અચાનક હુમલો કર્યો હતો. બાળક પરિવારજનો સાથે ગિરનાર ચઢી રહ્યો હતો ત્યારે સિંહ તેને ખેંચી ગયો હોવાનું જાણવા મળ્યું છે. પરિવારજનોએ શોધખોળ કરતા જંગલ વિસ્તારમાંથી બાળકના અવશેષો મળી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં વન વિભાગ, પોલીસ અને ટ્રેકર્સની ટીમો તાત્કાલિક દોડી ગઈ હતી. તપાસ દરમિયાન ત્રણ સિંહોને પકડી લેવામાં આવ્યા છે અને વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.





